Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 7

April, 2017



**દુનિયા આપણી જ રાહે ચાલે, આપણા જ વિચારોને અનુસરે, આપણાં જ મૂલ્યાંકનો સ્વીકારે, આપણી જ રહેણીકરણીને અપનાવે અને આપણી જ લાગણીને માન આપે, એવી એવી આશાઓ સેવ્યા કરવાથી આપણે જ દુઃખી થઈએ છીએ.**

**- શ્રીમોટા**

*'જીવન સંદેશ', ૭મી આ., પૃ. ૧૨૧*




(ઝૂલણા છંદ-ઢાળ : પ્રભાતિયું)

શું લખું, કોને લખું, વળી કેટલું ક્યાં લખું ?<br>
શ્રોતા વકતા બધું, એક ભાસે,<br>
એક છે એક છે, એક પણ બહુરૂપે,<br>
ખેલ ખેલે જુદા, એમ ભાસે,<br>
'હું' અને 'તું' નથી, 'એ' જ છે 'એ' જ છે,<br>
સત્ય સમજી જતાં, ભેદ નાસે,<br>
'મારું' 'તારું', 'તેહ'નું સરવનું,<br>
દૃષ્ટિ ફરતાં, બધુ 'એક' થાશે.

- શ્રીદાસાનુદાસ દયાનંદ તીર્થ

'વીણેલાં ફૂલ', ભાગ-૨, પૃ. ૩૪૧

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૭ એપ્રિલ, ૨૦૧૭

## અનુક્રમ

૧. માતા, પત્ની અને બહેનો પ્રત્યેના વર્તન અંગે ..... શ્રીમોટા ૪
૨. જાણ અર્થે ........................................ સંપાદક ૫
૩. જગતનો સ્વભાવ ક્લૉરોફૉર્મ જેવો છે ... શ્રીઉપાસની મહારાજ ૬
૪. વિચારવંટોળથી મનોમંથન અલગ છે ............ શ્રીમોટા ૭
૫. પહલા દાતા શિષ્ય, દૂસરા દાતા ગુરુદેવ .. શ્રીરણછોડદાસજી ૮
૬. પૂ.શ્રીમોટા સાથેનો સંપર્ક : કેટલાંક સંસ્મરણો .. અમૃતભાઈ ૯
૭. ગોધરાના પૂજ્ય બાપજીની અનુભવવાણી .... મુકુલ કલાર્થી ૧૩
૮. કર્મના સિદ્ધાંતનો કેવો દુરુપયોગ થાય છે ! ... સ્વામી વિવેકાનંદ ૧૪
૯. શ્રીરામકૃષ્ણનો ગુરુભાવ ................ સ્વામી સારદાનંદ ૧૫
૧૦. કૃષ્ણા યાદવની કામયાબી .................... પ્રીતિ શાહ ૧૭
૧૧. શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન .... સ્વામી પ્રેમાનંદજી ૧૮
૧૨. ગતિની સર્વવ્યાપકતા .......................... શ્રીમોટા ૧૯
૧૩. દીકરાના દેહાંત અંગે ............... ગોપાલીબહેન જોશી ૨૦
૧૪. આ કાળ દુઃસમ છે ..................... શ્રીમદ્ રાજચંદ્ર ૨૨
૧૫. પ્રસન્નતા ........................ મણિલાલ ન. દ્વિવેદી ૨૩
૧૬. આત્માર્થીને વિચાર સાથે વર્તન હોય છે .. શ્રી જેસીંગ બાપા ૨૪
૧૭. સંસારી લોક દુઃખ બેવડાવે છે .................. શ્રીમોટા ૨૫
૧૮. દાન-ભેટ ........................................ સંપાદક ૨૬

## જ્ઞાનદાન

શ્રી ઈંદ્રવદન બી. લેખડિયા ચૅરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ પૂજ્ય શ્રીમોટાના સ્વજનશ્રી લેખડિયા પરિવાર પ્રત્યે આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.

- સંપાદક

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા
Mo. / SMS / Whatsapp - 9427554391

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૯૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
www.hariommota.org ઉપર હરિભાવ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

# (૧) માતા, પત્ની અને બહેનો પ્રત્યેના વર્તન અંગે

**શ્રીમોટા**

ભવિષ્યની પ્રજા જીવંત સંસ્કારવાળી, પ્રાણ-ચેતનાવાળી અને શક્તિ સામર્થ્યથી ભરપૂર બને એવું જો આપણે ઇચ્છતાં હોઈએ તો આપણી માતા, પત્ની અને બહેનો સાથે આપણે જીવનમાં કેવી રીતે વર્તીએ છીએ, તે પરથી એનું અનુમાન નીકળી શકે તેવું છે.

સ્ત્રીઓના જીવનને ભાવનાના ક્ષેત્રમાં સર્વપ્રકારે અને સર્વભાવે યોગ્ય રીતે જન્માવવાનું જો બની શકે, તો જ ભવિષ્યની પ્રજા તેવા પ્રકારની બની શકે. માતાઓ જ પોતાનાં બાળકોના જીવનને યોગ્ય રીતે ઘડી શકવાની છે. આપણે જો સ્વરાજને સાચવવું હોય તો માતાઓના જીવનને તેવું બનાવ્યા વિના કદાપિ થઈ શકવાનું નથી. બૌદ્ધિક રીતે આવી સમજણ આપણે બધા પુરુષો ધરાવતાં હોવા છતાં તેવું વર્તન આપણે રાખી શકતાં નથી, એ એક મોટામાં મોટી કમનસીબીની હકીકત છે.

આપણી પત્ની ઘરમાં આપણો પ્રત્યેક બોલ પાળે જ એમ જાણે અજાણે આપણે ઇચ્છતાં હોઈએ છીએ અને તેમ ન થતાં આપણા મનના થરમૉમિટરનો પારો ચઢી જતો હોવાનું ઘણાના અનુભવમાં આવેલું છે. સ્ત્રીઓ જો એ રીતે વર્તે કે ઇચ્છે તો તે કદાચ આપણે સહી શકતાં નથી.

લગ્નજીવનમાં પુરુષો, સ્ત્રીઓ ઉપર માલિકીહક્ક ભોગવવાનો સ્વભાવ રાખતા હોય છે. વળી, સ્ત્રીઓમાં અક્કલ, બુદ્ધિ, લાગણી કે ભાવના હોતી નથી અને એ તો માત્ર પુરુષને અનુકૂળ રહેવાને જ સર્જાયેલી છે, એવી ભાવના આપણા સમાજમાં પુરુષવર્ગમાં પ્રચલિત છે. સ્ત્રીઓની માનસિક સ્થિતિ જ્યાં એક ગુલામ જેવી હોય ત્યાં બીજી આશા શી રીતે રાખી શકાય ? સ્ત્રીના હૃદય તરફ પ્રેમભાવ વહ્યા કરતો હોય તો તેને ગુલામી પણ સાલતી નથી.

પુરુષજીવનું નિરંકુશ વર્તન સ્ત્રીજીવે ઘણા કાળ સુધી સહ્યા કર્યું છે. હવે કાળનાં લક્ષણો બદલાતાં જતાં હોય અને કાળનો ધર્મ પણ ફરતો હોય એવું પ્રત્યક્ષ જણાય છે. કાળની ગતિ 'ચક્રનેમિક્રમેણ' થતી રહે છે. જેઓ એક કાળમાં નીચે હોય તે ઉપર આવે અને જે ઉપર હોય તે નીચે જાય. કચડાયેલાઓ, અપમાનિત થયેલાઓ, દુઃખ અને અવહેલના પામનારાઓ હવે ઉપર આવવા માંડવાના છે. પુરુષજીવો કાળના આ લક્ષણને જો નહિ પિછાની શકે તો તેઓ પૂરેપૂરી પછાડ ખાવાના છે.

સ્ત્રીજીવનની જવાબદારીઓ પુરુષ જીવને ફગાવી દેતાં વાર લાગતી નથી, પણ જો કોઈ સ્ત્રી એવું કરવા જાય તો આપણે પુરુષો એને સહી શકતાં નથી. આવી આપણા સંસારની નક્કર હકીકત છે.

ઘણા સુધારકો અને મનમાં ભાવનાનો પવન રાખનારાનું તેના ઘરમાં તેની સ્ત્રી સાથેનું વર્તન આપણને જો જોવા મળે તો ત્યાં ભાવનાનો કેવો રકાસ થતો હોય છે, તેનું પ્રત્યક્ષ દર્શન ત્યાં થાય. ખરી કસોટી તો આપણા પોતાના ઘરજીવનમાં રહેલી છે. જીવે પોતાને મળેલા ક્ષેત્રમાં જ ભાવનાનો વિકાસ ને વિસ્તાર કરવો રહે છે.

પુરુષો કરતાં સ્ત્રીઓ સમાજમાં ઘણું સહન કરે છે અને ઘણો ત્યાગ કરે છે, એ હજી આપણા હૃદયમાં ઊતર્યું નથી. પત્ની પ્રત્યે જીવનમાં એક સાથી તરીકે જે પ્રેમ, આદર હોવા ઘટે તે આપણામાંના ઘણા રાખતા નથી.

જે સમાજે રૂઢિને તાબે થઈને સ્ત્રીઓને આગળ વધવા કે વિકાસની તક જ રહે નહિ એવી જે વ્યવસ્થા ગોઠવી છે, તેનો બદલો આજે નહિ તો કાલે મળવાનો જ છે.

'નારીજીવન-ધન્યજીવન', પ્ર. આ., પૃ. ૫૮
સંકલન : સુશીલાબહેન અમીન ❑

(૧)

### પૂજ્યશ્રી ઝીણાકાકાના જન્મદિનની ઉજવણી

તા.૭-૫-૨૦૧૭ને રવિવારના રોજ લવાછા મુકામે પૂજ્યશ્રી ઝીણાકાકાના ૯૨મા જન્મદિન નિમિત્તે સ્વજનોના મિલન સમારંભ સવારના ૮-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન ધૂન, ભજનો, પ્રાર્થના, આરતી અને તે બાદ પ્રસાદનો કાર્યક્રમ રહેશે. સર્વ સ્વજનોને જાહેર નિમંત્રણ છે.

**સંપર્ક : શ્રી પ્રવીણભાઈ માસ્તર - મો. ૯૯૨૫૨ ૨૯૮૯૬**

★★★

(૨)

### પૂજ્ય શ્રીમોટાનો રામનવમી ઉત્સવ

માર્ચ,૨૦૧૭ ના હરિભાવમાં જણાવાયેલ વિગતો મુજબ પૂજ્ય શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન ઉત્સવ તા.૧૫ અને ૧૬ એપ્રિલ, ૨૦૧૭ના રોજ છે. તેમાં સુધારાયેલ વિગત નીચે મુજબ રહેશે.

તા.૧૫-૪-૧૬ શનિવારના સાંજનો કાર્યક્રમ આ મુજબ રહેશે.

**૫ થી ૬ ધૂન, ૬ થી ૭ ભજનો, ૭ થી ૮ પ્રવચન અને ૮ થી ૯ પ્રસાદ**

★★★

(૩)

### ગયેલા આત્માને

હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે રહીને જેઓએ સેવાઓ આપી હતી, એવા સ્વજન **શ્રી બાબુભાઈ જોઈતારામ રામી**નો અમદાવાદ ખાતે તા. ૧૭-૩-૧૭ના રોજ ૮૮ વર્ષની વયે દેહાંત થયો છે. પૂજ્ય શ્રીમોટાના સાહિત્યમાંથી સંકલન કરીને કેટલાંક પ્રકાશનો તેઓશ્રી દ્વારા તૈયાર કરાયાં છે. હરિઃૐ સત્સંગ મંડળ અમદાવાદનું કામકાજ તેમના નિવાસેથી મુખ્યત્વે તેમના પુત્ર શ્રી નીતિનભાઈ રામી દ્વારા થઈ રહ્યું છે. શ્રીહરિ ગતાત્માનું યશકલ્યાણ કરે એવી ભાવપૂર્વક પ્રાર્થના છે.

★★★

(૪)

### ડિજિટલ પેમેન્ટ

કેંદ્ર સરકાર દ્વારા ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા તેમ જ રોકડના વહેવારો ઘટાવા માટે આવક વેરા ધારામાં જે નવી જોગવાઈઓ દાખલ કરી છે તે અન્વયે રૂ.૨૦૦૦/- થી વધુ રકમનું ડોનેશન રોકડેથી લઈ શકશે નહિ. જેની નોંધ હરિભાવના ગ્રાહકવર્ગ લે તેવી વિનંતી છે. રૂ.૨૦૦૦/- થી વિશેષ ડોનેશન ચેક, ડ્રાફ્ટ કે ઈ-ટ્રાન્સફરથી બૅંક દ્વારા આપી શકાશે.

## (૩) જગતનો સ્વભાવ ક્લૉરોફૉર્મ જેવો છે

**શ્રીઉપાસની મહારાજ**

જગતમાં મનુષ્ય જન્મ લઈને આવ્યા પછી તેમાં પ્રથમ જે હોય છે તે મનુષ્યનો શુદ્ધ આત્મા, તેની આજુબાજુ જગતના સ્વભાવદોષોનું આવરણ આવે જ છે. જેવી રીતે માતાના પેટમાં ગર્ભ તૈયાર થતાં તેની આજુબાજુ બારીક પાતળું એવું મજબૂત આવરણ હોય છે, જેને ઓર અથવા જાર કહે છે. તે આવરણમાં તે ગર્ભ પુરાયેલો હોય છે. તેવી રીતે જગતના સ્વભાવદોષોનું જે આવરણ હોય છે, તેમાં તે શુદ્ધ આત્મા પુરાયેલો હોય છે. તેને જીવાત્મા એમ કહેવાય છે. અને જગતના સ્વભાવદોષોને કારણે તે જીવાત્માને ખરું શું છે તે સમજાય નહિ એવો જ તે જીવાત્માનો સ્વભાવ બની રહે છે.

જેવી રીતે ડૉક્ટરે એકાદ મનુષ્યને ક્લૉરોફૉર્મ આપ્યું હોય તો તે ક્લૉરોફૉર્મના ગુણધર્મોનું તે જીવને આવરણ બની જાય છે અને જ્યાં સુધી ક્લૉરોફૉર્મની અસર નીચે અથવા તેના આવરણ નીચે તે મનુષ્ય હોય છે ત્યાં સુધી તે જીવાત્માને જગતનું કાંઈ પણ સમજાય નહિ. પછી ધીમે ધીમે ક્લૉરોફૉર્મનો સંબંધ નીકળી જાય એ માટે ડૉક્ટરે કંઈ ઈલાજ કર્યા પછી કે આપોઆપ એની અસર ઓછી થતાં તે મનુષ્ય શુદ્ધિમાં આવે છે અને જગત વિશેનો અનુભવ કરવા લાગે છે. **જગતનો સ્વભાવ ક્લૉરોફૉર્મ જેવો છે.** જીવાત્માને ભૂલ પડી એટલે આપણે કોણ છીએ, ક્યાંથી આવ્યા છીએ, અહીંથી આગળ ખરું કર્તવ્ય શું છે, વળી, સામે દેખાય છે એ જગત શું છે, એનો ખરો ખ્યાલ એને આવતો નથી. અને સુખદુઃખાદિક કર્મફળ ભોગવવા માટે તે જગતમાં પુનઃપુનઃ જન્મમરણના ફેરામાં તેને પાડે છે.

વહેવારમાં મનુષ્ય જે મરે છે, તે જગતના સ્વભાવદોષનું આવરણ તોડી જગતથી અલિપ્ત થયો, એવું થતું નથી. જન્મભર અનેક કર્મો કરી, જગતના સ્વભાવદોષોનું આવરણ ફરી પોતાની આજુબાજુ મજબૂત કરી લઈને તે મરતો હોય છે. જગતના સ્વભાવદોષનું આવરણ તોડીને જ્યારે તે બહાર આવે છે, તેને મુક્તિ કહે છે. પછી ભલે તે દેહથી મરે અથવા ન મરે.

કર્મ પ્રારબ્ધસરણીના યોગે અનેક દુઃખકારક જન્મમરણના ફેરામાંથી કોઈક પુણ્યશાળી પુરુષના લક્ષમાં આવે એટલે ક્લૉરોફૉર્મની અસર દૂર કરવાના ઉપાય થવા માંડે છે. અને પછી જગતની બહાર જે પરમેશ્વરીપદ વગેરે છે, તે તેને પ્રત્યક્ષ અનુભવમાં આવી દેખાવા લાગે છે. આ અદશ્યના લાભ માટે જ યોગી, તપસ્વી લોક ખટપટ કરે છે. જગતની બહારના તે અદશ્યમાં અલૌકિક અપાર શક્તિ ભરેલી છે. સાક્ષાત્ પરમેશ્વર, મહાન સત્પુરુષ, મોટા મોટા રામકૃષ્ણાદિ જેવા અવતારી પુરુષો ત્યાં જ હોય છે. સર્વ જગતની ઉત્પત્તિ ત્યાંથી જ થાય છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી એ આપણા લૌકિક જગતમાં છે, પરંતુ જગત બહારના અદશ્યમાં તેમાંનું કશું જ નથી.

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે :

न तद् भासयते सूर्यो, न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते, तद्धाम परमं मम ॥

આવા સ્થાનમાં એક વખત જઈએ એટલે દુઃખકારક એવી જગતની અવસ્થામાં આવવાનું કારણ રહેતું નથી.

'શ્રીઉપાસની વાક્સુધા-૧', પ્ર.આ., પૃ. ૬ ❑

# (૪) વિચારવંટોળથી મનોમંથન અલગ છે

**શ્રીમોટા**

આપણે જે રીતે જીવેલાં છીએ તેનો ચીલો બદલવો જ પડશે. તે વિના તો છૂટકો નથી. ભગવાન આપણો છે એવું દિલમાં આત્મસાત્ થતાં તેના તરફથી બળ મળ્યા કરે છે. આ જીવ તરફથી અનેક પ્રકારના આઘાતો તો થયા કરવાના અને અનેક પ્રકારની ઊથલપાથલો પણ થયા કરવાની. મનોમંથન થયા વિના સાચી વસ્તુની સમજણ પડતી નથી. પ્રચંડ પ્રમાણમાં મનોમંથન પ્રગટ્યા વિના વસ્તુનો સાચો સાર સમજી શકાતો નથી.

ખૂબ મનોમંથન થયા કરે અને તેનો અંત ના આવે તે પણ ખોટું છે. મનમાં સાચું મનોમંથન થતાં, જેના અંગે મનોમંથન થતું હોય તેમાંથી એનો ઉકેલ પણ જડી જવો જોઈએ. જો એમ થાય તો જ એ સાચું મનોમંથન છે એમ પ્રમાણવું. બાકી તો વિચારોનાં વંટોળે ચઢેલાં છીએ એમ જાણવું ને માનવું.

જે જીવને જીવનવિકાસને અર્થે સાચું મંથન થયા કરે છે, તેવો જીવ વિચારોની પરંપરાની ઘટમાળમાં અટવાઈ પડતો નથી, તેવાને તો જે શોધવાનું હોય કે ઉકેલ આંણવાનો હોય, તેની ચાવી તેના થતા રહેતા મનોમંથનમાંથી તેને મળી રહે છે. કોઈક કોઈક વખત ઘણી વાર લાગે એમ બને, પરંતુ જેને જીવનવિકાસને કાજે મનોમંથન થાય છે, એ મનોમંથનના પ્રકારમાં ને સાધારણ જીવના મનોમંથનના પ્રકારમાં ઘણો ફરક હોય છે.

આત્મચિંતનના મનોમંથનમાં સ્પષ્ટ પ્રકાશ હોય છે, એક જ દિશા તરફની ગતિ હોય છે અને એક જ લક્ષ હોય છે. તેમ જ તટસ્થતા તો જીવતીજાગતી રહ્યા કરે છે. મનોમંથનના વમળમાં તે પડી જ રહી શકતો નથી. તેમાંથી તેને ગૂંચવાડો થતો નથી કે અટવાઈને તેમાં પરોવાઈ જતો નથી. જીવનવિકાસના મનોમંથનની થતી રહેતી તર્કપરંપરા શુદ્ધ રીતે એકધારી થયા કરે છે. ને એક પછી એક ઉત્તરોત્તર પગથિયાંની જેમ વિચારોને પ્રગટાવ્યા કરે છે. **જીવનવિકાસ સાધવાને કાજે મનોમંથન એ ઘણું ઘણું જરૂરનું છે.** એવું મનોમંથન કદીક કદીક તો એવી ભારે વેદના પ્રગટાવે છે કે જે વેદનાને સહી શકવાને આપણી તૈયારી પણ હોતી નથી. જેને કોઈ માનસિક કે આંતરિક ભાવનાનો ચોક્કસ આધાર નથી, તેવો જીવ એવા ઉત્કટ ને ઉગ્ર મનોમંથનમાં ટકી શકતો નથી, ને એમ તે સાવ ભાંગીને ભૂકો થઈ જાય છે. એવાની નિરાશાનો અને અસંતોષનો તેવી વેળા પાર પણ રહેતો નથી. મનોમંથનની મહત્તા અને તેનું રહસ્ય તને સમજાય એટલા માટે વિગતથી લખ્યું છે.

સંસારવહેવારમાં જેની જેની ગરજ જાગે છે કે પડે છે, ત્યાં તેની ગરજ પૂરી થતાં સુધી એને વળગી રહેવાનું બને છે એવો રોજનો અનુભવ છે. તો તેના કરતાં પણ આ માર્ગમાં તો ઘણી આકરી કસોટી થવાની છે. અનેક આકરામાં આકરી કસોટીઓમાંથી ને પરીક્ષામાંથી શ્રીપ્રભુની કૃપાથી પાર તરી જવાનું બનેલું છે. એ બધી કસોટીઓ, પરીક્ષાઓ, મનોમંથનો ને આત્મનિરીક્ષણનો ઇતિહાસ જે આ હેતુ અર્થે મળેલાં સ્વજનો છે, તેમાંથી કોઈ જીવ ચેતનકક્ષામાં પ્રગટી જાય ત્યારે લખવાનો પણ છું. એવી અનેક કસોટીઓમાં જીવનનો હેતુ સતત જીવતો જો રહી શકે તો તે આપણને વધારે સભાન અને જાગૃત રખાવી શકે છે.

જીવનવિકાસ કાજે જે આડું આવતું હોય એને આપણે મનમાં કશું મહત્ત્વનું પદ આપવાનું નથી. તેમાં જો રસ લેવાનું મૂકી દઈશું તો આપોઆપ તે ખરી પડવાનું છે. જે કંઈ કરવાનું હોય તે જેમ જેમ યોગ્ય લાગે તેમ તેમ સવેળા એકદમ થયા કરે તો સમજવું કે જેમ જે થયા કરેલું છે તે યોગ્ય છે.

'જીવનમંડાણ', બી.આ., પૃ. ૪૫-૪૮ ❑

## (૫) પહલા દાતા શિષ્ય, દૂસરા દાતા ગુરુદેવ

શ્રીરણછોડદાસજી મહારાજ

દેખો, સાધન તો કરના હી પડેગા. કહીં ઐસા નહીં પકડ લેના કિ સાધન કિએ બિના હી સબ કુછ પ્રાપ્ત હો જાયેગા. મૈં ઐસા ગુરુ નહીં હૂં જો બિના પાત્રતા કે દેતા રહૂં યા ચુટકી બજાતે હી તુમ્હેં સિદ્ધ બના દૂં. મૈં ઐસા ગુરુ નહીં હૂં, પક્કા સમજ લેના. લેકિન સદૈવ ધ્યાન મેં રખના કિ, મૈં તુમ્હારા હિત સતત ચાહતા હૂં.

સદ્‌ગુરુ વ શિષ્ય કા નાતા તો કચ્ચે ધાગે કા હૈ. યદિ ગુરુ કા સર્વાધિકાર સચ્ચે હૃદય સે માનો ઔર આજ્ઞાપાલન મેં ડટ કર રહો તબ તો યહી કચ્ચે સૂત કા બંધન જન્મ જન્માંતર કા અટૂટ પક્કા નાતા બન જાતા હૈ. ઔર નહીં માનો તો વહ તો કચ્ચા સૂત હૈ હી. ટૂટને મેં આશ્ચર્ય ભી ક્યા ઔર દેરી ભી ક્યા ? **જબ તક શરણાગત કા ભાવ ઉદય ન હોં તબ તક ગુરુ નિષ્ઠા કા ઉદય નહીં હોતા.** જબ તક નિષ્ઠા નહીં, તબ તક પ્રેમ કા પાદુર્ભાવ નહીં. નિઃસ્વાર્થ વિશુદ્ધ પ્રેમ હી પક્કા ભગવત્ સંબંધ હો. ઈસ કો સંસાર કી વાસનામય આસકિત કા રૂપ નહીં દેના. યહ વિશુદ્ધ પ્રેમ વાસના સે બહુત ઉચ્ચ, બિલકુલ ભિન્ન ઔર દિવ્ય તત્ત્વ હૈ. શુદ્ધ પ્રેમ કા લક્ષણ ત્યાગ વ બલિદાન હૈ.

દેખો, તન, મન, વચનપૂર્વક શિષ્ય, ગુરુદેવ કો અપના સમર્પણ કરતા હૈ. **પહલા દાતા શિષ્ય હૈ તબ દૂસરા દાતા ગુરુદેવ હોતા હૈ,** જો શરણાગત શિષ્ય કો મંત્ર ઔર સાધન તથા અભય દેકર અપનાતે હૈ. યહ પક્કા વિશ્વાસ રખો કિ ગુરુદેવ કી પ્રેરણા તો અહર્નિશ મિલતી હી હૈ. મૈં ભગવાન કે પાસ હી હૂં ઔર ભગવાન મેરે સાથ સતત હૈ હી, ઐસા દૃઢ વિશ્વાસ રખને સે હી પૂરા પડતા હૈ. સંશયાત્મા કુછ પ્રાપ્ત નહીં કર સકતા. કેવલ વિડંબના ભોગતા હૈ.

‘તૂ મિટ જાવે ઔર વહી રહ જાવે, તબ સમર્પણ.’ યદિ યહ નહીં હો તો, ફિર કુછ નહીં. ગુરુદેવ કે વચનોં પર પૂર્ણ નિષ્ઠાવાન હોકર, કુતર્ક ન કરતે હુએ, સમજપૂર્વક, ઉન વચનોં કો જીવન મેં ઉતારના, યહ હૈ સમર્પણ કી પ્રક્રિયા. શંકા સમાધાન પૂછને કી મના નહીં. અવશ્ય પૂછે. સર્વ પ્રકાર કી શંકાઓ કા સમાધાન કરને કી ક્ષમતા ગુરુદેવ મેં હોતી હૈ. સંતો કી વિભિન્ન કોટિ કે અનુસાર તથા શિષ્યોં કે વિભિન્ન સ્તરોં કે અનુસાર ભિન્ન ભિન્ન પદ્ધતિ હોતી હૈ. વાણી સે ન બોલતે હુએ ભી ગુરુદેવ અપને આચરણોં કે દ્વારા હમારી શંકાઓ કા સમાધાન બરાબર કરતે હી હૈ. યહ અનુભવ હૈ.

પ્રાપ્ત હુએ સમાધાન મેં ફિર કુતર્ક નહીં કરના ઔર અપને લિયે દિયે ગયે આદેશોં કા પાલન કરને મેં નિષ્ઠા કે સાથ લગે રહના. કુતર્ક ઔર નિષ્ઠા ભ્રષ્ટતા સે બચને કે લિયે **હમેશા યહ ખ્યાલ રખના કિ ગુરુદેવ મેં નરબુદ્ધિ ઔર ભગવાન મેં પાષાણબુદ્ધિ યા કેવલ ચિત્ર કી બુદ્ધિ ન હો જાયે.** નિષ્ઠા સે હી ધૈર્ય ઔર ધૈર્ય સે હી બેડા પાર નિશ્ચિત હોતા હૈ. નિષ્ઠા કી કમી કે કારણ ધૈર્ય રખના મુશ્કીલ હો જાતા હૈ. અધૈર્ય કે કારણ સાધન ભજન મેં નિરસતા, નિરુત્સાહ વ સંશય કે મહા વિકટ વિઘ્ન ઉપસ્થિત હો જાતે હૈ. અનેક જન્માંતરોં કે સંસ્કારો કી અવલી ધીરે ધીરે ટૂટતી હૈ. ઈસલિયે અધીર નહીં બનના.

ભગવદ્ શરણાગત કો ભગવત્કૃપા કા અનુભવ સંસ્કાર પકને પર અવશ્ય હોતા હૈ. જો વાસ્તવ મેં શરણાગત હૈ, પ્રપન્ન હૈ, ઉસ કો ફિર કોઈ ક્રિયા શેષ નહીં રહતી. શરણાગત કે લિયે પ્રથમ નિયમ યહી હૈ કિ સતત ભાવ ઔર વિચાર બનાયે રખે કિ હે નાથ ! મૈં તુમ્હારા હૂં.

‘શ્રીગુરુદેવકી સંનિધિમેં’, દ્વિતીય ભાગ, પ્ર.આ., પૃ. ૧૮૦ ❑

## (૬) પૂજ્ય શ્રીમોટા સાથેનો સંપર્ક : કેટલાંક સંસ્મરણો

**અમૃતભાઈ પટેલ**

*(નરોડાના નાના અમૃતકાકા તરીકે સ્વજનો જેઓને જાણે છે, તેઓશ્રીના પૂજ્ય શ્રીમોટા સાથેનાં કેટલાંક સંસ્મરણો વર્ષો અગાઉ લખાયાં હતાં. તે સંકલિત-સંપાદીત કરી પ્રકાશિત કરાયાં છે. - સંપાદક)*

પરમ પૂજ્ય શ્રીમોટા સાથે મારે સંકળાવાનું બને એવી કોઈ શક્યતા તો નહોતી, પરંતુ જેમની સાથે નિમિત્ત હોય તે સૌ ચેતનાનિષ્ઠ સાથે સંપર્કમાં આવે તે માટે અણધારેલ સંજોગો સર્જાતા હોય છે.

નરોડામાં અમારા વડીલ સરીખા શ્રી અમૃતભાઈ જેસંગભાઈની દીકરી બહેન પુષ્પાના સંબંધના શુભકાર્ય માટે અસારવાના મુખી શ્રી ચંદુભાઈને ત્યાં તેમની સાથે મારે પણ જવાનું થયું હતું. શ્રી ચંદુભાઈ મુખી પૂ.શ્રીમોટાના સંપર્કમાં હતા અને તેમની વાતોમાં મોટા અંગેની જાણકારી અમોને મળતી હતી. તેઓનું કહેવું તો એવું હતું કે શ્રીમોટા મહાપુરુષ છે અને ભગવાનતુલ્ય છે. મને નાનપણથી ભગવાનની વાતોમાં રસ હતો જ એટલે એમની વાતો મેં રસપૂર્વક સાંભળી હતી.

તે પછી વડીલ શ્રી અમૃતભાઈ નડિયાદના પૂજ્ય શ્રીમોટાના હરિઃૐ આશ્રમમાં મૌનમાં અનુષ્ઠાન માટે ગયા હતા. તેઓશ્રી મૌનમાંથી બહાર નીકળવાના હતા ત્યારે નડિયાદ આશ્રમે ગયો હતો. એ મૌન દરમિયાન એમને વિચાર આવેલો કે હરિકૃપા થાય તો નરોડામાં હરિઃૐ. આશ્રમના મૌનરૂમ જેવી વ્યવસ્થા કરવી. તેઓનું એક મકાન હતું તેમાં ભાડવાત રહેતા હતા. તેઓએ અણધારી રીતે તે મકાન ખાલી કરતાં અમૃતકાકાને ખાતરી થઈ કે શ્રીમોટાની કૃપાથી હવે તે મકાનમાં મૌનરૂમ શરૂ કરી શકાશે.

એ સમયે શ્રીમોટા કુંભકોણમ્ ખાતે દક્ષિણ ભારતમાં હતા. સુરતના શ્રી વૈકુંઠભાઈ ઉપાધ્યાય કસ્ટમ ખાતામાં સર્વિસ કરતા હતા અને શ્રીમોટાના પરમભક્ત હતા. તેઓએ કુંભકોણમ્ તાર કરી મૌનુરૂમ શરૂ કરવાની શ્રીમોટાની અનુમતિ મેળવતાં મૌનરૂમનો પ્રારંભ કરાયો હતો.

આ મૌનરૂમમાં મૌનાર્થી તરીકે બેસવા માટે મેં મારું નામ નોંધાવ્યું હતું એટલે ત્રીજા નંબરે જ મારે એ મૌનરૂમમાં બેસવાનો વારો આવ્યો હતો. અંદર બેઠેલ મૌનાર્થીની ભોજન-પ્રસાદી વ્યવસ્થા મોટા અમૃતકાકાએ જ સંભાળી હતી. સ્વજનોમાં આ સ્થળ હરિઃૐ આશ્રમ, નરોડા તરીકે જાણકારીમાં હતો અંદાજે સને ૧૯૫૬માં તેની શરૂઆત થઈ હતી.

મારા સ્વભાવમાં નાનાપણથી બીકણપણું હતું. વળી, એ સમયે અંદર મૌનરૂમમાં લાઇટનું કનેક્શન પણ ન હતું. એટલે મને વધારે બીક લાગ્યા કરતી એટલે ખૂબ મોટેથી હું નામસ્મરણ કર્યા કરતો હતો. શ્રી ચૈતન્ય મહાપ્રભુજીનું પુસ્તક હું મૌનમાં વાંચતો હતો ત્યારે મને એટલો બધો ભાવાવેશ આવતો કે કંઈ ખબર પડે નહિ. આ 'ભાવાવેશ' શબ્દ તો અત્યારે મારી જાણમાં આવ્યો છે, પરંતુ તે વખતે તો કંઈ સમજણ ન પડે એવી મારી સ્થિતિ હતી અને મારું ખૂબ રડવાનું થયા કરતું હતું. મૌનરૂમની બહાર નજીકમાં જ સામે જે ઓરડીઓ હતી તેમાં રહેતા લોકોને મારા રડવાનો અવાજ સંભળાતો હશે. એમને એની જાણ થઈ એટલે મારી બાને નરોડા ગામમાંથી મૌનરૂમ પાસે બોલાવી લાવ્યાં.

મારી બા અને બીજાં બધાં બહારથી મૌનરૂમના બારણા આગળથી મને પૂછ્યા કરે કે તને શું થાય

છે ? પણ હું તો કશો જ જવાબ આપતો નહિ અને પુસ્તક વાંચ્યા કરું અને બસ રડ્યા જ કરું. આંખોમાંથી સતત આંસુ પડ્યાં જ કરે.

આ પછી એક રાત્રે રૂમમાં તો અંધારુંઘોર હોવા છતાં જાણે કે પ્રકાશ પડ્યા કરે. આખા રૂમમાં એટલો બધો પ્રકાશ કે ના પૂછો વાત. એ સમયે હું તો મોટાના ફોટા સામે બેસીને મારા જીવનના સારાખોટા પ્રસંગોની વાત કર્યા કરું અને આંસુની ધાર પણ ચાલ્યા જ કરે. લગભગ ૩૦ થી ૪૦ મિનિટ સુધી એવું બધું ચાલ્યું હશે. પછી એની મેળે પાછું રૂમમાં અંધારું થઈ ગયેલું. એવું જ જ્યારે મોટાનું પુસ્તક 'આર્તપોકાર' હું મૌનરૂમમાં વાંચતો ત્યારે પણ ચોધાર આંસુનો પ્રવાહ ચાલ્યા જ કરતો.

એક વખત નરોડા આશ્રમે મોટાની પધરામણી હતી. શ્રી ઇંદુકાકા એટલે કે ગુરૂકૃપા ગેસ્ટ હાઉસવાળા શ્રી ઇંદ્રવદન શૅરદલાલ મોટાને સ્નાન કરાવતા હતા. એ વખતે હું બાજુમાં ઊભેલો હતો. ત્યારે મોટાએ મને કહ્યું કે 'અમૃતલાલ ! આ લુંગી પહેરીને બધે ફરીશ ?' હરે રામ હરેકૃષ્ણવાળા પીળા કલરની લુંગી જે પહેરે તેવી તે લુંગી હતી. મેં મોટાને હા પાડી અને કહ્યું કે એ લુંગી પહેરીને હું બધે ફરીશ. તે વખતથી લગભગ એક મહિના સુધી મેં એ લુંગી પહેરી હતી. નરોડા ગામમાં અને અમદાવાદ શહેરમાં મારી દુકાનની જરૂરી વસ્તુઓ ખરીદવા જાઉં ત્યારે પણ એવી લુંગી પહેરીને જ જતો-આવતો ને બધે ફરતો હતો. તે પછી તો સફેદ કલરની લુંગીનો કાયમનો મારો પહેરવેશ થઈ ગયો હતો. સ્વજનોમાં પણ લુંગીવાળા અમૃતકાકા તરીકે મારી ઓળખાણ-પહેચાન થઈ ગઈ હતી.

અમારા વડીલ શ્રી અમૃતભાઈ જેસીંગભાઈને બધા 'મોટા અમૃતકાકા' તરીકે જાણતા અને હું તેમનાથી નાનો એટલે મારી ઓળખાણ નાના અમૃતકાકા તરીકે પણ હતી.

પાછળથી મારે અમેરિકા જવાનું થતાં ત્યાંના વાતાવરણના કારણે લુંગીના બદલે પાયજામાં કે પેન્ટ પહેરવાનું થતું પણ ભારતમાં જ્યારે પાછો આવું ત્યારે લુંગીનો જ પહેરવેશ રહેતો હતો જે આજે પણ ચાલુ જ છે. આ રીતે શ્રીમોટાની આજ્ઞા ગણો કે મોટાના શબ્દ પ્રમાણે મારાથી તેનું પાલન થઈ શક્યું છે.

શ્રીમોટા એક વખત નરોડા આશ્રમે હતા ત્યારે મને ખાસ બોલાવેલો. મોટા મને કહે કે અમૃતલાલ તારા જીવનમાં એવો સમયે આવશે કે તું ગાંડાની માફક થઈ જઈશ અને તારું બધું યદ્વાતદ્વા થઈ જશે, પણ તું ગભરાઈશ નહિ. તે વખતે તારા રક્ષણ માટે હું તને મારા ગુરુમહારાજની કંઠી આપીશ. તે તું પહેરજે. મોટાના કહ્યા પ્રમાણે ખરેખર એવો તબક્કો મારા જીવનમાં આવેલો. મોટાએ એ વખતે મને પહેરવા માટે કંઠી પણ આપી હતી. જે હું ચોવીસે કલાક પહેરી રાખતો હતો. મારી માનસિક સમતુલા ખરાબ થઈ ગઈ હતી, મને જ્યારે ને ત્યારે જ્યાં ને ત્યાં ભય દેખાયા કરતો, પણ કોણ જાણે એ કેવી રીતે બન્યું હશે કે એ દિવસોમાં મારા મુખમાંથી સતત હરિઃૐ હરિઃૐનો જપ ચાલુ રહ્યા કરેલો. હવે તો સમજણ પડે છે ને ખ્યાલ આવે છે કે શ્રીમોટાની કૃપાસહાયના કારણે જ એમ થતું હશે. હું હરિઃૐ બોલવાનું બંધ કરવા ઘણું મથું પણ એ તો બંધ થતું જ નહોતું. મારી આ સ્થિતિના અનેક લોકો સાક્ષી છે. આ બધું તેમણે નજરોનજર જોયેલું છે.

ઉપર પ્રમાણેની મારી માનસિક સ્થિતિ લગભગ છએક માસ જેવી રહી હશે અને સમગ્ર સમય

દરમિયાન મારાથી સતત નામસ્મરણ લેવાયા કરેલું. એના કારણે જાણે કે શૂળીનો ઘા સોયથી સર્યો હશે એ બધું તો મોટાને ખબર, પણ મારા જીવનનો એ કઠણ કાળ મોટાની કૃપાસહાયથી સમોસુતરો પાર પડી ગયો હતો. એટલી વાત તો ચોક્કસ જ છે. આ ઘટના પછી એક વખત મેં શ્રીમોટાને કહેલું કે 'મોટા ! હવે પહેલાં જેવું નામસ્મરણ થતું નથી' ત્યારે તેઓએ કહેલું કે રોગ હોય ત્યાં સુધી જ ડૉક્ટર દવા આપે.

આ પ્રસંગ પછી તો મારા જીવનની નાનીમોટી વાતો હું મોટાને કરતો હતો. મારા તન-મનને વિકાર પરેશાન કરતો અને મારી આંખોમાં પણ એવું જ દેખાયા કરતું. મોટાને મેં ખુલ્લા મનથી મારી આ નબળાઈની વાત કરી હતી. એટલે મોટાએ મારી પાસે મારો ફોટો માગેલો. તેઓએ મને કહેલું કે તારો ફોટો આપજે. હું મારા ઓશીકા નીચે એ રાખીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ. આ વાતનો મેં અમલ કર્યો હતો અને મોટાની મદદથી મારી સ્થિતિમાં મેં સુધારો અનુભવ્યો હતો.

શ્રીમોટા જ્યારે નડિયાદ આશ્રમમાં હોય ત્યારે દરેક ગુરુવારે હું આશ્રમમાં જતો અને બે-ત્રણ દિવસ મોટા પાસે રોકાતો હતો. એ ગાળામાં અભય કેળવવા માટે મારાથી નાનામોટા પ્રયત્નો થયા કરતા. નરોડાની મારી દુકાનની વસ્તી કર્યા બાદ હાથમાં એક લાકડીનો આધાર રાખીને હું રાત્રીના અંધકારમાં એવી જગ્યાઓએ ફરવા જતો રહેતો કે જ્યાં સાધારણ રીતે તો બીક જ લાગે. આ સમય દરમિયાન હું મોટેથી સ્મરણ કરવાનું ચાલુ રાખતો. એક રાત્રે ગુરુકૃપા ગેસ્ટ હાઉસથી શ્રી ઈંદુકાકા પાસેથી હું નરોડા આવવા મોડી રાત્રે નીકળેલો ત્યારે કાલુપુરના વિસ્તારમાં એક ભાઈને સ્કૂટરની પાછલી સીટ ઉપર બેસાડેલા. હું તો મારી ધૂનમાં ને ધૂનમાં સ્કૂટર ચલાવ્યા કરું અને મોટે મોટેથી હરિઃૐનું નામસ્મરણ કર્યા કરું. પેલા પાછળ બેસાડેલ ભાઈ ક્યારે અને ક્યાં ઊતરી ગયેલા તેનો મને કોઈ ખ્યાલ રહેલો નહિ. એકદમ તેની યાદ આવતાં પાછળ જોયું તો કોઈ મળે નહિ. મારું સ્કૂટર તો ઘણું ફાસ્ટ ચાલતું અને મને મનમાં એમ થયેલું કે કદાચ કોઈ વ્યક્તિના સ્વરૂપમાં મોટા તો નહિ હોય ? એટલે નડિયાદ આશ્રમે શ્રી નંદુભાઈને આ વિગત મેં લખી જણાવી હતી. તેઓશ્રીનો જવાબ આવેલો કે એવું પણ હોઈ શકે છે—મતલબ કે એવું પણ બને ખરું.

શ્રીમોટાનાં જે પુસ્તકો હતાં તે અંગે મને મનમાં વિચાર આવ્યા પ્રમાણે મારા સ્કૂટર ઉપર થેલામાં ઘણાં પુસ્તકો રાખ્યા કરું અને સગાંવહાલાં-સ્નેહી સ્વજનો - વહેપારી ભાઈઓ એવા સૌને કિંમત પ્રમાણે વેચાણથી બધાંને પુસ્તકો આપવાનું ચાલુ રહેલું. આ ઉપરાંત, સમાજનાં કામો માટે શ્રીમોટા સ્વજનો પાસેથી ખાસ કરીને તેમના જે ઉત્સવ થતા તેમાં સામેથી માગીને નાણાં લેતા હતા. એમાં સહભાગી થવાની ભાવનાથી ફાળો ઉઘરાવી આશ્રમને મોકલવાનું કામ પણ મેં ચાલુ કરેલું. એમાં એવી યોજના કરેલી કે જે તે દાતા પાસેથી દર મહિને એની ભાવના પ્રમાણેની રકમ નક્કી કરી વર્ષને અંતે જે તે કુલ રકમ મેળવીને આશ્રમને મોકલી આપતો. ઘણા લોકો મારા આ કામની ટીકા કરતા ને કહેતા કે આ શો ધંધો તમે માંડ્યો છે ! ત્યારે હું તેમને શાંતિથી સમજાવતો કે આ તો તમારા જ કલ્યાણ કે શ્રેય માટે છે. હું તો તેમાં માત્ર નિમિત્ત જ છું.

પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનાં જે પ્રકાશનો થતાં હતાં તેમાં પણ ભગવાનની કૃપાથી સહયોગ આપવાનું બનતું હતું. ખાસ કરીને

આર.આર.શેઠની કંપનીએ **'શ્રીમોટાનું જીવન અને કાર્ય'** જે છાપેલું તેમાં અને મારું પ્રિય પુસ્તક **'આર્તપોકાર'** તેમ જ **'જીવન સંશોધન'** અને છેલ્લે **'હૃદયપોકાર'** વગેરે પ્રકાશનોમાં આર્થિક સહયોગ અપાવાના સંજોગો સર્જાયા હતા. હવે મને ખ્યાલ આવે છે કે એ બધાંની પાછળ મારા જીવનના વિકાસનો હેતુ હતો.

મારી પેઢીમાં શ્રીમોટાની ભાગીદારી રાખવાની સુમતિ મને શ્રીહરિકૃપાએ સુઝાડેલી એટલે ચોખ્ખો હિસાબ રાખીને જે તે રકમ શ્રીમોટાચરણે ધરી દેતો હતો. મારા થકી ઘણાં નાનાંમોટાં સમાજ કલ્યાણનાં કામો ભગવાને કરાવ્યાં છે. એક વખત મોટાએ મને કહેલું કે અમૃતલાલ તારું શરીર છૂટશે એટલે કે તારા અંતિમ સમયે હું તારી સાથે હોઈશ. આવડી મોટી હૈયાધારણથી હું ગળગળો થઈ ગયો હતો કે મોટાએ કેવડું મોટું વચન મને આપી દીધું ! પણ એમાં મોટાની જ કૃપા હું ગણું છું.

શ્રીમોટા એક વખત કાંટાવાળા સાહેબને ત્યાં હતા ત્યારે અમે ત્યાં ગયા હતા. કાંટાવાળા સાહેબે અમારા વતી મોટાને કહેલું કે આ અમૃતલાલના દીકરા જયેશનું મોટા તમે ધ્યાન રાખશો. શ્રીમોટાની એક વખત નરોડામાં હનુમાનજીના મંદિરમાં પધરામણી હતી. ત્યારે હાલ હરિભાવના સંપાદક શ્રી પ્રભુદાસ જાનીના પુત્ર પંકજ અને મારો પુત્ર જયેશ શ્રીમોટા પાસે બેઠા હતા ત્યારે શ્રીમોટાએ જયેશને કહેલું કે તું ડૉક્ટર થજે અને પંકજને કહેલું કે તું ઍંજિનિયર થજે. શ્રીમોટાના એ શબ્દો અક્ષરસઃ સાચા પડ્યા છે.

નરોડાના વલ્લભકુંજમાં મારો જે બંગલો હતો તેમાં લગભગ સાતેક વર્ષ જેવા સમય સુધી સવારે ને સાંજે સ્વજનો દ્વારા નામસ્મરણનો જપયજ્ઞ ચાલુ રહેલો. સવારે સ્વજનોની સંખ્યા ઓછી દસ-પંદર જેટલી હોય પણ રાત્રે સહેજે ૩૫ થી ૪૦ સ્વજનો ભેગાં થતાં હતાં. મારા નિવાસે ચાલી રહેલા નામસ્મરણ-જપયજ્ઞની પૂર્ણાહુતિ કરવાની ઈચ્છા થતાં ૧૦૮ દિવસનો રાતદિવસનો સતત અખંડ જપયજ્ઞના કાર્યક્રમનું સ્વજનોના સહકારથી આયોજન કરાયું હતું. તેમાં રાત્રે ૧૨ થી પરોઢિયાના ૪ સુધીના કઠણ કાળની જપયજ્ઞની જ્યોત શ્રી જયંતીભાઈ જાનીએ ચાલુ રાખી હતી. ૧૦૮ દિવસને અંતે શ્રીમોટાની વિધિથી યજ્ઞ કરીને મારા નિવાસે થતું નામસ્મરણ બંધ કરાયેલું. ધીમે ધીમે સ્વજનોએ નરોડામાં એક જગ્યા ખરીદ કરી ત્યાં નામસ્મરણ મંદિરનું બાંધકામ કર્યું છે એટલે હવે તે સ્થળે એક કાયમી સ્થાન નરોડામાં બની ગયું છે.

અમેરિકામાં પણ હરિઃૐ સત્સંગ મંડળ રચાયું છે અને નિયમિત રીતે નામસ્મરણ, ભજન, પ્રાર્થના અને પ્રસાદના કાર્યક્રમો ચાલે છે. અમારે જ્યારે અમેરિકા જવાનું થયું હોય ત્યારે અમે પણ એ કાર્યક્રમોમાં જોડાઈને તેનો લાભ લઈએ છીએ.મોટાએ મારા ઉપર અનેક ઉપકારો કર્યા છે. મને રંકમાંથી રાય બનાવ્યો છે એમ કહું તો કશું ખોટું નથી. મારા હાથે ઘણાં સારાં કામ સમાજના લાભાર્થે- વિદ્યાર્થીઓ-બાળકો અને નીચલા વર્ગના ભાઈઓ- બહેનો માટે કરાવ્યાં છે. એ બધાંમાં તેમના તરફથી જ પ્રેરણા મળતી એમ સ્પષ્ટ જણાય છે. વળી, મારા સ્વભાવમાં ઘણું રૂપાંતર કરાવ્યું છે એ તો મોટાની મોટામાં મોટી મને દેણ છે. પ્રકૃતિનું રૂપાંતર કરવું, સ્વભાવને બદલવાનું કામ અતિ કઠણ હોય છે, પણ એ ઉત્તમ કામ મોટાએ મારા પ્રત્યે પ્રેમભાવ રાખીને કર્યું છે.

**(અનુસંધાન પાન નં.૨૬ ઉપર)**

# (૭) ગોધરાના પૂજ્ય બાપજીની અનુભવવાણી

**મુકુલ કલાર્થી**

(ગોધરાના બાપજી મહારાજના જીવનચરિત્રનું સંપાદન શ્રી ધીરુભાઈ મોદી અને શ્રી મુકુલ કલાર્થી દ્વારા જે થયેલું, તેનું પ્રકાશન હરિઃૐ આશ્રમે કર્યું છે. તેની પ્રથમ આવૃત્તિના આધારે હરિભાવના માહે ફેબ્રુઆરી, ૨૦૧૭ ના અંકમાં પ્રકાશિત થયેલ લેખના અનુસંધાને પૂ. બાપજીની અનુભવવાણીના કેટલાક અંશ અત્રે પ્રકાશિત કરાયા છે. પૂ. બાપજી વધારે ભણેલા ન હતા. છતાં સત્પુરુષોથી સહજ ભાવે બોલાયેલું વાક્ય માર્ગદર્શક હોય છે. - સંપાદક)

૧. 'સમજો' એટલે સમ થઈનો જો.
૨. વકીલ ફાંસીના લાકડેથી એક શબ્દમાં છોડાવે છે, તેમ સંત પણ સંસારથી છોડાવે છે, પરંતુ વકીલ જેમ મુખત્યારનામું લખાવી લે છે, તેમ સંતને મુખત્યારનામું લખી આપવું જોઈએ.
૩. પકડે સદ્‌ગુરુની સાન તો પહોંચે નિર્વાણ.
૪. દુનિયા આખી કંચન, કામિની અને કીર્તિ એ ત્રણમાં જ ગબડતો ગોળો છે. એક નહિ તો બીજું, પરંતુ આ ત્રિપુટીમાં જ.
૫. ભિખારી કોણ ? બહુ પૈસા છતાં જેની પૈસાની તૃષ્ણા મરી નથી તે.
૬. તું एकને જાણે તો તને અનેક જાણે.
૭. મનનો આનંદ તે તો દેહના સુખનો આનંદ છે. આત્માના આનંદની મનને ખબર નથી.
૮. સંસારી દેહનો ધર્મ પાળે છે. જ્યારે જ્ઞાની-અનુભવી સ્વનો-આત્માનો ધર્મ પાળે છે.
૯. પોતાનો અને પરનો આત્મા એક જ છે એમ જાણી સર્વમાં એક આત્માનો જોવો એ જ ધર્મ બાકી તો તનના, દેહના કે મનના ધર્મ ગણવા.
૧૦. એક શ્વાસનો વિશ્વાસ, બીજો મિથ્યા ભાસતો શ્વાસમાં પરમાત્માનો વાસ છે માટે શ્વાસનો પ્રકાશ છે.
૧૧. ગતિ જાણે તે વક્તા, બીજા તો ભસતા.
૧૨. મરતાં પહેલાં મરી જાણવું. અંતરથી મરવું અને ઉપરથી જીવવું.
૧૩. બુદ્ધિ કર્મ અનુસારિણી.
૧૪. ઘણાં મરેલાં પૂર્વજોને પૂજે છે, પણ જીવતાં પૂર્વજોથી તો આડા ફરે છે.
૧૫. ધ્યાન રાખવાનું છે, કરવાનું નથી.
૧૬. જેણે મનને સાધ્યું તે જ સાધુ.
૧૭. જે કંઈ મળે છે તે એકલાના પ્રારબ્ધે નથી મળતું. કંઈકનાં પ્રારબ્ધ ભેગાં ભળ્યાં હશે.
૧૮. બહિર્મુખ દૃષ્ટિને અંતરમાં વાળો. બહાર ખોજવાને બદલે અંતરમાં ખોજો.
૧૯. દેહમાં રહેલું છૂપું ધન, ગુરુ વિના ઉપભોગે ન પડે. ગુરુ વિના હરિ નવ મળે, ભલે કરો કોટિ ઉપાયજી.

'ગોધરાના બાપજી મહારાજના જીવનચરિત્ર', પ્ર. આ. સંકલન (પૂર્ણ) ❑

# (૮) કર્મના સિદ્ધાંતનો કેવો દુરુપયોગ થાય છે !

**સ્વામી વિવેકાનંદ**

ગૌરક્ષા સમાજના એક ઉત્સાહી પ્રચારક કે જેઓ ઉત્તર તરફના કોઈ હિન્દી ભાઈ હતા તેઓ અને સ્વામી વિવેકાનંદ વચ્ચેના સંવાદનો આ સારભાગ છેઃ- સ્વામીજીને પ્રણામ કરીને ગૌમાતાના એક ચિત્રની ભેટ ધરી. ચિત્ર હાથમાં લઈ સ્વામીજીએ નજીક ઊભેલા એક ભાઈને તે સોંપ્યું અને પ્રચારક સાથે વાતચીત શરૂ કરી.

**સ્વામીજી :** તમારી સંસ્થાનો ઉદ્દેશ શો છે ?

**પ્રચારક :** આપણા દેશની ગૌમાતાઓને અમે કસાઈના હાથમાંથી બચાવીએ છીએ. કેટલીક જગ્યાએ પાંજરાપોળો સ્થાપી છે. માંદી, ઘરડી અને કસાઈ પાસેથી ખરીદેલી ગાયોને આવી પાંજરાપોળોમાં સાચવવામાં આવે છે.

**સ્વામીજી :** એ તો ખરેખર સુંદરકાર્ય છે. તમારી આવકનાં સાધનો શાં છે ?

**પ્રચારક :** આપના જેવા મહાનુભાવોની ઉદાર સખાવત પર જ સંસ્થાનું કાર્ય ચાલે છે.

**સ્વામીજી :** અત્યાર સુધીમાં તમે કેટલું ભંડોળ એકઠું કર્યું છે ?

**પ્રચારક :** મારવાડી વેપારીઓ આ કામમાં ખાસ ટેકો આપે છે. આ શુભકાર્ય માટે તેઓએ મોટી રકમ આપી છે.

**સ્વામીજી :** અત્યારે મધ્ય પ્રદેશમાં ભયંકર દુષ્કાળ ફાટી નીકળ્યો છે. ત્યાં નવ લાખ માણસો ભૂખે મરી ગયાની ભારત સરકારે જાહેરાત કરી છે. આ દુષ્કાળના સમયમાં તેમને સહાય કરવા તમારી સંસ્થાએ કંઈ કર્યું છે ?

**પ્રચારક :** દુષ્કાળ કે એવી બીજી વિપત્તિઓ અર્થે અમે સહાય કરતા નથી. ફક્ત ગૌમાતાના રક્ષણ માટે જ આ સમાજની સ્થાપના કરવામાં આવી છે.

**સ્વામીજી :** તમારાં પોતાનાં લાખો ભાઈબહેનો દુષ્કાળ વખતે મૃત્યુના પંજામાં સપડાયાં છે, ત્યારે તમારી પાસે પૈસા હોવા છતાં પણ આ દારુણ આફત વખતે તેમને અનાજની મદદ કરવાની તમારી ફરજ છે, એમ શું તમે નથી માનતા ?

**પ્રચારક :** ના જી; આ દુષ્કાળ તો માનવીનાં પાપકર્મોને પરિણામે ફાટી નીકળ્યો છે. જેવાં કર્મ તેવાં ફળ, એ ઉક્તિનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે.

પ્રચારકના મોંએથી આવા શબ્દો સાંભળતાં જ સ્વામીજીની વિશાળ આંખોમાંથી જાણે કે આગના તણખા ઝરવા લાગ્યા. તેમનો ચહેરો લાલચોળ થઈ ગયો, પરંતુ પોતાનો આવેગ દબાવી રાખી તેમણે કહ્યું, ‘જે સંસ્થાઓને માનવ જીવ માટે સહાનુભૂતિ નથી, પોતાના જ ભાઈઓને ભૂખથી મરી જતા દેખવા છતાં જેઓ તેમને બચાવવા સારુ મૂઠીભર ચોખા પણ આપતા નથી, પરંતુ પક્ષીઓ અને પશુઓને બચાવવા અનાજના ઢગલે ઢગલા આપી દે છે, તેવી સંસ્થાઓ માટે મને જરાય સહાનુભૂતિ નથી. આવી સંસ્થાઓ દ્વારા સમાજનું કંઈ પણ કલ્યાણ થાય તેમ હું માનતો નથી. લોકો પોતાના કૃત કર્મોને કારણે મરે છે એમ કહીને જો કર્મવાદની દલીલ કરતા હોવ, તો એ પરથી આપોઆપ એ સિદ્ધ થાય છે કે આ દુનિયામાં કોઈ પણ બાબત માટે પ્રયત્ન કરવો નકામો છે. પશુઓના રક્ષણનું તમારું કાર્ય પણ આમાં અપવાદરૂપ નથી. ગૌમાતાઓ પણ પોતાના કર્મને લીધે જ કસાઈના હાથમાં પડીને મૃત્યુ પામે છે. તેથી આપણે કંઈ કરવાની જરૂર નથી.’

**(અનુસંધાન પાન નં.૧૯ ઉપર)**

# (૯) શ્રીરામકૃષ્ણનો ગુરુભાવ

સ્વામી સારદાનંદ

શ્રીરામકૃષ્ણનું કોઈપણ કાર્ય ઉદ્દેશવિહીન અથવા નિરર્થક હતું નહિ. એમના જીવનના સાવ સામાન્ય રોજબરોજના વહેવારોની સમીક્ષા કરતાં તે બધા ગંભીર ભાવપૂર્ણ જણાઈ આવે છે. તો પછી ખાસ ઘટનાઓની તો વાત જ શી કરવી !

વિવિધ ભાવે તેમની પ્રાપ્તિ અને દર્શન, તમામ પ્રકારના ધર્મમતોને સાધનાની સહાયે સત્યરૂપે પ્રત્યક્ષ કરવા અને સર્વે મતોના સાધકોને પોતપોતાના ગંતવ્ય માર્ગે આગળ ધપવામાં સહાય કરવાની વિગતો પણ અનન્ય છે. આધ્યાત્મિક જગતમાં આ પ્રકારનું દૃષ્ટાંત દેખવામાં કે સાંભળવામાં આવ્યું નથી.

પ્રાચીન યુગના ઋષિ, આચાર્ય અથવા તો અવતારી મહાપુરુષોએ અમુક અમુક એક ખાસ ભાવરૂપી માર્ગનું અવલંબન લઈને ખુદ પોતે ઈશ્વરની ઉપલબ્ધિ પામીને તે તે ભાવને જ ઈશ્વરદર્શનના એકમાત્ર માર્ગ તરીકે જાહેર કરેલો છે. તેમણે પોતાના ગુરુભાવની સહાયે એકદેશી ધર્મમતોનો જ પ્રચાર કરેલો અને વખત જતાં એવા પ્રચારે જ માનવમનમાં ઈર્ષ્યા અને દ્વેષનો બહોળો પસારો કરીને પાર વગરના વિવાદ, ઝઘડા અને કંઈ કેટલીયે વાર લોહી રેડાવાનું કારણ બની રહેલો એ હકીકતની સ્પષ્ટ સાક્ષી ઈતિહાસ પૂરે છે.

આ જાતના એકાંગી એકતરફી ધર્મભાવના પ્રચારે પરસ્પર વિરોધી અનેક મતોની ઉત્પત્તિ કરીને ઈશ્વરલાભના પથને એવો તો જટિલ કરી મૂકેલો કે સત્યસ્વરૂપ ઈશ્વરનાં દર્શન પ્રાપ્ત કરવાં તે સાધારણ બુદ્ધિને અસંભવ જ જણાતાં.

ઐહિક જીવનનાં ભોગસુખોને સર્વેસર્વા ગણનારા પાશ્ચાત્ય જડવાદે ધસમસતા વેગે શિક્ષણના માધ્યમે ભારતમાં પ્રવેશ કરેલો હતો. ચંચળમતિ બાળકો અને યુવાનોમાં મનને કલુષિત કરીને એણે નાસ્તિકતા, ભોગાનુરાગ જેવા વિદેશી ભાવો વડે દેશને ડૂબાડૂબ કરી મૂકેલો.

શ્રીરામકૃષ્ણે પોતે અનુષ્ઠાન કરીને બતાવી દીધું કે ભારતમાં અને ભારત બહારના દેશોમાં પ્રાચીન યુગમાં જે જે ઋષિ, આચાર્ય કે અવતારી મહાપુરુષોએ જેટલા પ્રકારના ભાવો વડે ઈશ્વરલાભ કરેલો છે, તેમાંનો એક પણ ખોટો નથી. દરેકે દરેક સંપૂર્ણ સાચો છે. શ્રદ્ધાવાન સાધક આજે પણ તે તે માર્ગે ચાલીને એમની માફક ઈશ્વરદર્શન કરી શકે છે. એમણે દેખાડી આપ્યું કે પરસ્પર વિરુદ્ધ સામાજિક આચાર, રીતરિવાજો વગેરેને કારણે ભારતના હિંદુ-મુસ્લિમો વચ્ચે પહાડ જેવડો અંતરાય રહ્યો હોવા છતાં પણ બન્નેના ધર્મો સાચા છે. બન્ને એક ઈશ્વરના ભિન્ન ભિન્ન ભાવોની ઉપાસના કરીને તેમ જ નોખા નોખા માર્ગે ચાલીને છેવટે એ જ પ્રેમસ્વરૂપની સંગાથે પ્રેમ વડે એક બની જાય છે. આગળ જતાં બન્ને એકબીજાને પ્રેમથી ભેટી રહેશે અને જુગ જૂનો ઝઘડો ભૂલીને શાંતિ પ્રાપ્ત કરશે.

શ્રીરામકૃષ્ણે એ પણ દેખાડ્યું કે ભોગલોલુપ પાશ્ચાત્ય જગત પણ 'ત્યાગ વડે જ શાંતિ' એ વાત દિલમાં ઉતારીને ઈસુ પ્રચારિત ધર્મમતની સાથે ભારત અને અન્ય દેશોના ઋષિઓએ, અવતારોએ પ્રચારિત કરેલા ધર્મોની સચ્ચાઈના અનુભવ કરીને પોતાના કર્મજીવનની સાથે ધર્મજીવનની ગાંઠ જોડીને ધન્ય બનશે.

શ્રીરામકૃષ્ણ કોઈ એક અમુક દેશ જાતિ, સંપ્રદાય કે ધર્મજીવનની સંપત્તિ નથી. પૃથ્વીની સમસ્ત જાતિઓને એક ને એક દિવસ શાંતિ પ્રાપ્ત કરવા માટે ઉદાર મનનો આશરો લેવો જ પડશે.

ભારતના પરસ્પર વિરોધી અને કાયમ વાદવિવાદના ઝઘડા કરતા તમામ મુખ્ય મુખ્ય સંપ્રદાયના સાધકો શ્રીરામકૃષ્ણ પાસે પહોંચીને તેમની અંદર પોતપોતાના ભાવનો પૂર્ણ આદર્શ જોઈ શકેલા.

શ્રીરામકૃષ્ણના ગુરુભાવનું જે કાર્ય આ રીતે ભારતમાં આરંભાઈને ભારતીય સંપ્રદાયોમાં એકતા આણી દેવાના શ્રીગણેશ માંડી ગયું છે, તેનાથી આગળ વધીને એશિયાના ધર્મવિવાદ, યુરોપની ધર્મહીનતા અને ધર્મવિદ્વેષ એ તમામને ધીરે ધીરે અલોપ કરતું જશે. શ્રીરામકૃષ્ણના અંતર્ધાન થયા પછી સ્વામી વિવેકાનંદની મારફત શ્રીરામકૃષ્ણના ભાવે અમેરિકા અને યુરોપમાં પ્રવેશ કરીને થોડા જ વખતમાં યુગપલટો આણી દીધો છે.

શ્રીરામકૃષ્ણના ભાવસમૂહોનો પ્રથમ વિસ્તાર ભારતના વિભિન્ન સંપ્રદાયના સાધકોને લઈને જ થયેલો. શ્રીરામકૃષ્ણ જ્યારે જ્યારે જે જે ભાવમાં સિદ્ધ બનેલા ત્યારે ત્યારે તે તે ભાવના જ ભાવિક સાધકો આપોઆપ પ્રેરાઈને તેમની નિકટ ચાલ્યા આવતા.

શ્રીરામકૃષ્ણ કહેતા કે **'સોગઠી બધાં ઘર ફરી વળે ત્યારે પાકે.'** ભંગીથી માંડી રાજા સુધીની સંસારમાં જેટલી જાતની અવસ્થાઓ છે, તે સઘળી જોઈ, સાંભળી, ભોગવીને તુચ્છ તરીકે પાકી જાણી લેવાય ત્યારે પરમહંસની અવસ્થા થાય, સાચો જ્ઞાની થાય. આચાર્ય બનવું હોય તો સામાન્ય જનોની સરખામણીમાં વધારે શક્તિસંપન્ન બનવું પડે.'

'શ્રીરામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ-૪', પૃ.૮૬ ❑

**(અનુસંધાન પાન નં.૧૪ નું ચાલુ)**

પ્રચારક થોડા શરમાયા. તેમણે કહ્યું, 'જી હા, આપ કહો છો તે સાચું છે પણ શાસ્ત્રો કહે છે કે ગાય તો આપણી માતા છે.'

સ્વામીજી : ગાય આપણી માતા છે એ હું સમજી શકું છું. તેના સિવાય 'આવાં' કાબેલ બાળકોને કોણ જન્મ આપે ?

સ્વામીજીના આ તીવ્ર કટાક્ષનો અર્થ પ્રચારક ભાઈ કદાચ સમજી શક્યા નહિ હોય. તેમણે તો સ્વામીજી પાસે પોતાની સંસ્થાના કાર્ય માટે કશીક મદદની માગણી કરી.

**સ્વામીજી :** હું તો અકિંચન સંન્યાસી છું. તમને મદદ કરી શકું તેટલા પૈસા હું ક્યાંથી લાવું ? પણ જો કદાચ મારી પાસે કાંઈ પૈસા આવશે તો તેનો ઉપયોગ હું માનવસેવા માટે પ્રથમ કરીશ. સહુ પહેલાં માનવીને જિવાડવાનો હોય. તેને ખોરાક, શિક્ષણ અને આધ્યાત્મિકતા આપવાં જોઈએ. આ બધું કરતાં જો કાંઈ વધશે તો જ તમારી સંસ્થાને કાંઈક આપવામાં આવશે.

આ સાંભળીને પ્રચારક ભાઈ સ્વામીજીને વંદન કરીને વિદાય થયા. તેમના ગયા પછી સ્વામીજી કહેવા લાગ્યા, 'વાહ ! કેવા શબ્દો બોલે છે ! ભાઈ કહે છે કે લોકો તેમનાં કૃત કર્મોથી મરે છે, તેમને મદદ કરવાથી શો ફાયદો ? દેશનું પૂરેપૂરું અધઃપતન થયું છે તેનો આ સચોટ પુરાવો છે ! **હિંદુ ધર્મના કર્મના સિદ્ધાંતનો કેટલો દુરુપયોગ થાય છે ?** પોતે માણસ હોવા છતાં અન્ય માનવીને માટે જેમના હૃદયમાં લાગણી નથી, તેમને કોઈ પણ રીતે માણસ ગણી શકાય ખરા ?'

આ શબ્દો બોલતાં સ્વામીજીનું આખું શરીર વેદના અને દુઃખથી ધ્રૂજતું હતું.

'વિવેકાનંદજીના સાંનિધ્યમાં', બી. આ., પૃ. ૪ ❑

## (૧૦) કૃષ્ણા યાદવની કામયાબી

**પ્રીતિ શાહ**

ઉત્તર પ્રદેશના બુલંદ શહેરમાં જન્મેલી કૃષ્ણા યાદવને ક્યારેય નિશાળે ભણવા જવાની તક મળી નહિ. તેના પિતા ખેડૂત હતા. ગરીબીને કારણે તે પાંચ વર્ષની થઈ, ત્યારથી પિતા સાથે ખેતરમાં મજૂરી કરવા લાગી અને ઘેર હોય ત્યારે માતા ઘરનું કામ શીખવતી. નાની ઉંમરમાં જ લગ્ન થયાં. સાસરે પણ ખેતીવાડી જ હતી, પરંતુ કૃષ્ણાના પતિ ગોવર્ધનને ખેતી કરવી ગમતી નહોતી. એ ડ્રાઈવિંગ શીખીને ટ્રક ચલાવવા લાગ્યો.

ત્રણ બાળકોના પિતા બનેલા ગોવર્ધનને વિચાર આવ્યો કે પોતાની ટ્રક હોય તો પૈસા વધારે મળે અને કુટુંબનું ગુજરાન સારી રીતે ચાલી શકે. એટલે દેવું કરીને ટ્રક ખરીદી, પરંતુ કમાણીમાં ખાસ વધારો થયો નહિ. ઊલટાનું જે દેવું કર્યું હતું, તે ચૂકવવા માટે ખેતર અને મકાન વેચવું પડ્યું. કૃષ્ણાના પતિ નોકરી શોધવા દિલ્હી આવ્યા, પણ ક્યાંય નોકરી મળી નહિ. આવા કપરા સંજોગોમાં પણ કૃષ્ણાએ સહેજે હિંમત ગુમાવી નહિ. તેણે દિલ્હીના નજફગઢમાં એમના દૂરના ઓળખીતાના ખેતરમાં કામ લઈ લીધું. એમાં શાકભાજી ઉગાડીને ફૂટપાથ પર વેચવા લાગી. નજીકમાં ઘર ભાડે લીધું. બાળકો સરકારી સ્કૂલમાં ભણવાં લાગ્યાં. કૃષ્ણા વહેલી સવારે ચાર વાગ્યે ઊઠતી. ગાયને દોહી સંતાનો માટે દૂધ અને નાસ્તો તૈયાર કરતી. તેમને સ્કૂલે મોકલ્યાં પછી પોતે ખેતર પર જવા નીકળતી. બપોરે ઘેર આવીને રસોઈ કરતી અને બાળકોને જમાડ્યા પછી શાકભાજી વેચવા નીકળી જતી. ઘણી વાર શાક વેચાય નહિ તો બગડી જતું અને નુકસાન જતું. એટલે કૃષ્ણા વધેલા શાકને સૂકવી નાખતી અને તેમાંથી અથાણું બનાવતી. હવે ફૂટપાથ પર શાકભાજી અને ફળફળાદિની સાથે અથાણું પણ વેચવા લાગી.

આ દરમિયાન કૃષ્ણાને માહિતી મળી કે સરકારી કૃષિ વિજ્ઞાન કેંદ્ર દ્વારા સ્ત્રીઓને અથાણાં અને જ્યૂસ બનાવવાની તાલીમ આપવામાં આવી રહી છે. તે કેંદ્ર પર પહોંચી ગઈ. ત્યાં જઈને જોયું તો એને ખ્યાલ આવ્યો કે આ ક્ષેત્રમાં કેટલી બધી સંભાવનાઓ પડેલી છે ! પહેલાં એ એક-બે અથાણાં બનાવતી હતી, હવે તે દરેક પ્રકારનાં અથાણાં, જ્યૂસ અને જેલી બનાવવા લાગી. તેના પતિને તે અથાણાંના વેચાણ માટે જુદી જુદી દુકાને મોકલતી, પરંતુ દુકાનદારોએ એ લેવાની ના પાડી, કારણ કે તેઓ જાણીતી કંપનીનાં અથાણાં વેચતા હતા. કૃષ્ણા લોકોને ફ્રી સેમ્પલ આપવા લાગી અને કહેતી કે પસંદ આવે તો ખરીદજો, નહિતર કંઈ નહિ.

હવે ધીમે ધીમે રોજનું પાંચ કિલો અથાણું વેચાવા માંડ્યું. મોટા દુકાનદારો પણ તેનું અથાણું વેચવા તૈયાર થઈ ગયા, કારણ કે એની ગુણવત્તા સારી હતી અને સ્વાદ ઘરના અથાણાં જેવો હતો. માંગ વધતી ગઈ, કામ વધતું ગયું. પાડોશમાં રહેતી મહિલાઓનો સાથ લીધો. ઘર નાનું પડવા લાગ્યું. ગુડગાંવમાં એક ફૅક્ટરી શરૂ કરી.

આજે એની ફૅક્ટરીમાં ૧૫૨ જાતનાં અથાણાં, જ્યૂસ અને મુરબ્બાનું ઉત્પાદન થાય છે. પાંચસોથી વધારે સ્ત્રીઓને રોજગારી પણ આપી છે. આજે એક કરોડનું ટર્નઓવર ધરાવતી કૃષ્ણા કહે છે કે, 'હું ભણી નથી, તેથી ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી, પરંતુ મારાં બન્ને દીકરા અને દીકરીને મેં ભણાવ્યાં છે.' ઈનોવેટિવ આઈડિયા માટે હરિયાણા સરકાર તરફથી ૨૦૧૪નો 'ચેમ્પિયન કિસાન મહિલા' નો એવોર્ડ આપવામાં આવ્યો. એ પછી રાષ્ટ્રપતિના હાથે નારીશક્તિ એવોર્ડ પણ હાંસલ કરનારી કૃષ્ણા કહે છે કે, 'હું મારા આ ધંધાને એક ઉદ્યોગના સ્વરૂપે જોવા માગું છું. મારું સ્વપ્ન એ છે કે મારા પછી પણ તે કારોબાર ચાલતો રહે, જેથી મહેનતુ મહિલાઓને રોજગારી મળી રહે. **મહિલાઓ આગળ આવશે તો જ દેશની પ્રગતિ થશે.'**

'ગુજરાત સમાચાર', તા.૧૮-૧૨-૨૦૧૬-સાભાર ❑

# (૧૧) શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદજી

(ફેબ્રુ.૧૭ના અંકથી આગળ...)

તિલકવાડાથી અમે ગરુડેશ્વર જવા નીકળ્યા. અહીંથી ડુંગરાળ ધરતી શરૂ થાય છે. ગરુડેશ્વરમાં સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી ઉર્ફે શ્રી ટેંબે મહારાજની સમાધિ છે. તેઓ ભગવાન દત્તના અવતાર હોવાની શ્રદ્ધા ધરાવનાર નાથ અને અવધૂત પરંપરાના ભાવિક ભક્તોની અવરજવર ઘણી છે. મહારાષ્ટ્રીયન બ્રાહ્મણોની સંખ્યા સવિશેષ હોય છે.

શક્તિપાત માટે પૂનાના પ્રસિદ્ધ પુરુષ શ્રી ગુળવણી મહારાજનું આ ગુરુસ્થાન છે અને ગુજરાતના સંત શ્રીરંગ અવધૂત મહારાજ પણ શ્રી વાસુદેવાનંદ સરસ્વતીના જ શિષ્ય ગણાય છે. અહીંનું વાતાવરણ જ તપોભૂમિ જેવું લાગે છે. પાસે જ શ્રી ટાટીયા મહારાજની સમાધિ છે.

અહીંથી આગળ શૂલપાણીશ્વરની ઝાડી શરૂ થવાની છે, જ્યાં લૂટારું ભીલની વસ્તી છે. તેથી અમારો બધો જ સામાન બાંધી ઝાડી બહાર ચિખલદામાં અમને મળે એવી ગોઠવણ કરી. હવે ખરા અર્થમાં અમે ત્યાગી દેખાતા હતા. હાથમાં માત્ર લાકડી અને ડાલડાનો ડબ્બો, ભીલો માટે અમે મુંબઈથી જ લાવેલાં કપડાં, વાસણ, સોયદોરો, ગોળ-ચણા ઈત્યાદિ લીધેલું તે સાથે લીધું. ડાલડાનો ડબ્બો અમારા માટે બધું જ હતો. પાણી ભરી રાખવા માટે, દાળ બનાવવા માટે, ભિક્ષા લેવા માટે, સંડાસ જવા માટે એનો ઉપયોગ હતો.

નર્મદા બંધ યોજના-સરદાર સરોવરના કર્મચારીઓ માટે કેવડિયા કૉલોની હોવાથી આ માર્ગે ઘણી અવરજવર રહે છે. નજીકના રાજપીપળા જવા માટે નર્મદાજી ઉપર પુલ છે ભરૂચ પાસેના પુલ પછી આ બીજો પુલ છે.

ગરુડેશ્વરથી ચિખલદા જવા માટે બે માર્ગ છે. એક માર્ગ છોટાઉદેપુર થઈ મધ્યપ્રદેશમાં અલીરાજપુર અને કુક્ષી થઈ ચિખલદા નીકળે છે. આ પાકી સડકે ઘણો વાહનવહેવાર ચાલે છે. આ સરળ પણ લાંબો માર્ગ છે.

બીજો માર્ગ નર્મદાજીના કિનારે ચાલતાં ચિખલદા જવાય. આ કઠિન માર્ગ છે. ભયાવહ પણ છે. દર વર્ષે બે-ત્રણ હજાર યાત્રીઓ નર્મદાજીની પરિક્રમા કરતા હશે. તેમાંથી માંડ પચાસ-સાઠ યાત્રીઓ આ વિકટ માર્ગે આગળ વધે છે. બાકીના બધા તો વાહન દ્વારા ઉપલે માર્ગેથી જ ચિખલદા જાય છે.

ભલા માણસોએ અમને પણ સલાહ આપી કે શૂલપાણીશ્વરની ઝાડીમાં ભીલોનો ઘણો ત્રાસ છે. અંગ પર લૂગડુંય રહેવા નહિ દે. પૂરતી ભિક્ષા પણ મળશે નહિ. ભીલ સામે જરાય આનાકાની કરી કે ભાગવાની કોશિશ કરી તો પથ્થર ને તીરનો પ્રસાદ મળશે. બહુ બળ વાપરવા જાય એને તો મોતને ઘાટ ઉતારી નર્મદામાં ફેંકી દે. એંશી માઈલ સુધી ભયમાં અને ભૂખમાં જીવવા કરતાં આરામથી ઉપલે માર્ગે થઈને જાઓ.

મારો દૃઢ સંકલ્પ હતો કે શૂલપાણીશ્વરની ઝાડીના માર્ગે જ જવું. સાંભળેલી વાતો કેટલી સાચી છે એની ખાતરી કરવી. વળી, એ પણ ઈચ્છા હતી કે ભીલોને નિકટથી જોવા, એમની સાથે વાતો કરવી, એમની સંસ્કૃતિનું નિરીક્ષણ કરવું અને સૌથી વધુ તો એ જોવાની ઈચ્છા હતી કે ભયમાં ભગવાન કેવો યાદ આવે છે, ઈશ્વર કેવી રીતે યોગક્ષેમનું વહન કરે છે.

મેં મારા સહયાત્રીઓ સાથે સલાહ કરી. શ્રી મનસુખાજીએ સાંભળેલું કે આ માર્ગે શ્રી અશ્વત્થામાનાં દર્શન થાય છે. તેથી તેઓ ઘરે જ નક્કી કરીને નીકળેલા અને અમારા અતિઆગ્રહને લીધે બન્ને વૈષ્ણવસંતો પણ સહમત થયા. સામે દક્ષિણ છેડે શૂલપાણીશ્વરજીનું પ્રાચીન મંદિર છે. નર્મદા યોજના પૂરી થતાં આ પવિત્ર સ્થળ પાણીમાં ડૂબી જશે. (ક્રમશઃ)

'શ્રી નર્મદામૈયાની પરિક્રમા', બી. આ., પૃ. ૩૧૨ ❑

# (૧૨) ગતિની સર્વવ્યાપકતા

**શ્રીમોટા**

આખુંયે વિશ્વ ગતિનું બનેલું છે. આપણાં બધાંનું અને આસપાસ દેખાતાં, ન દેખાતાં બધાંનુંયે તે તત્ત્વ છે, ચેતન છે, પ્રાણ છે. એ આપણા આધારનું મૂળભૂત તત્ત્વ છે. બધાંને જોડનારી તે સાંકળ છે. ચેતનવાળી અને ચેતનવગરની બધીયે વસ્તુમાં જેવી જેની પ્રકૃતિ તેવાં તેનાં ગતિનાં મોજાં.

દરેક વસ્તુને ગતિ છે. વસ્તુ દેખાય છે, તે ગતિને લીધે. ગતિથી વસ્તુ ઓળખાય પણ છે. ચેતન તેમ જ જડ, બન્નેમાં ગતિ હોય છે. જેઓ માનવી જીવનની ઉપર ગયા છે, માટી (પૃથ્વી-સં) તત્ત્વની ભૂમિકાથી ઉપર ગયા છે, તેઓ આપણને સંજોગવશાત્ સાંભળી પણ શકે અને જોઈ પણ શકે, પણ આપણે તેમને તેમના પોતાના સ્વરૂપમાં જોઈ શકતાં નથી, કેમ કે તેઓ તેમની સૂક્ષ્મતાને લીધે તેટલી પ્રચંડ ગતિમાં આંદોલન કરતા હોય છે કે સ્થૂળ શરીરમાં જકડાયેલાં આપણે તે સૂક્ષ્મ તત્ત્વોને દેખી શકતાં નથી.

જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે એ શબ્દની ગતિનાં મોજાં બીજાના કાન ઉપર પડે છે. તેવી રીતે તેજમાં કિરણોની ગતિને લીધે આપણે જોઈ શકીએ છીએ. શબ્દ તથા તેજને સ્વીકારી શકે એવું યંત્ર જો આપણામાં યોગ્ય રીતનું ન હોય, (જેમ કે બહેરો કે આંધળો) તો આપણે સાંભળી કે જોઈ શકતાં નથી, તેવી રીતે આપણી ઇંદ્રિયો, આપણી દુનિયાદારીની સમજથી પર ગયેલી ન હોવાથી, એનાથી બીજા કશાના અસ્તિત્વની એને ઝાઝી ગતાગમ પડતી નથી.

સૂક્ષ્મ વિશ્વમાં જે કંઈ બને છે તે પ્રત્યે આપણે બહેરાં અને આંધળાં છીએ. સ્થૂળ વિશ્વને જોવાં-સાંભળવાનાં સાધનો, આંખ અને કાન, તે બધું જોઈ સાંભળી શકવા સમર્થ નથી, પરંતુ માટીના દેહધારી હોવા છતાં પણ, જે વિરલ આત્માઓએ સૂક્ષ્મ તત્ત્વવાહક શક્તિ કેળવી છે કે જેમને તે મળેલી છે અથવા વધારે યોગ્ય શબ્દોમાં કહીએ તો જેઓ ભગવાનની દિવ્ય સૃષ્ટિ સાથે અને તેના દિવ્ય હેતુ સાથે જાતે જ સંકળાયેલા છે, તે લોકો પેલાં સૂક્ષ્મ તત્ત્વોને જોઈ તથા સાંભળી શકે છે, કેમ કે તેઓ પોતે પોતામાં એવાં આંદોલનો ઉપજાવી શકે છે કે જે પેલાં સૂક્ષ્મ તત્ત્વોનાં આંદોલનો સાથે તાર મિલાવી શકે.

આપણને ત્રણ શરીર છે : સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. કારણ શરીર ભાવાત્મક છે. એમાં આધારરૂપે એકલું આકાશતત્ત્વ વિશેષ અને એનાથી ઊતરતા પ્રમાણમાં તેજતત્ત્વ છે. સૂક્ષ્મ શરીરનું સ્થાન ઘરના ઉંબરા જેવું છે. આપણા અનેક જન્મના સંસ્કારો આ સૂક્ષ્મ શરીરમાં આવે. આ બધા સંસ્કારો લઈ આપણે સૂક્ષ્મમાં જઈએ છીએ. ત્યાં વાતાવરણમાં ગયા પછી સૂક્ષ્મ પડી નથી રહેતું.

આપણે બુદ્ધિથી તો એટલું સમજીએ કે દરેક ગતિમાન છે. ગતિવાળું છે. ગતિ વગરનું કશું જ દુનિયામાં નથી. દરેક ગતિવાળું છે. આવાં સૂક્ષ્મ શરીરો જ્યાં ત્યાં એકબીજા સાથે સંકળાયેલાં છે - જેમ આપણે દુનિયામાં સગપણની રીતે, વહેવારની રીતે, વેપારની રીતે, બીજા કોઈ સંજોગોને લીધે એકબીજા સાથે આપણે આ દુનિયામાં સંકળાયેલાં છીએ. એ તો આપણી બુદ્ધિ સ્વીકારે તેવી હકીકત છે. તેવી રીતે ઉપર જે સૂક્ષ્મ શરીરો છે તે સૂક્ષ્મ શરીરો - સૂક્ષ્મ રીતે એકબીજાની સાથે ત્યાં પણ સંકળાયેલાં છે. તેમનો વહેવાર છે તે પણ ત્યાં ચાલ્યા કરે છે. એ વહેવારમાં આપણે પણ આવી જઈએ છીએ.

'જીવનયોગ ભાગ-૧', પ્ર. આ., પૃ. ૨૩ ❑

## (૧૩) દીકરાના દેહાંત અંગે

**ગોપાલીબહેન જોષી**

મારા દીકરાના દેહાંત વિશે લખતાં પહેલાં હું થોડી પૂર્વભૂમિકા બાંધું છું.

મારો જન્મ એક આધ્યાત્મિક પરિવારમાં થયો. જ્યાં હિમાલયવાસી ગુરુ નારાયણ સ્વામી, હંસદેવ મહારાજ, ભાગવત્કાર શ્રી નરણ્ચે મહારાજના સંસર્ગમાં આવવાનું થયું.

મારા જન્મ પહેલાં મારા ત્રણ ભાઈઓ બાલ્યાવસ્થામાં મૃત્યુ પામ્યા હતા. બાદમાં મારી મોટી બહેનનો જન્મ થયો ત્યાર બાદ અમારા ઘરે નારાયણ સ્વામી આવ્યા. એમના સંબંધને કારણે મારાં માતાપિતાએ બ્રહ્મચર્યનું વ્રત લીધું. મારા પિતાજીનો ઉછેર મોસાળમાં થયો હતો. મામાના આગ્રહથી એક વધુ બાળક લાવવાનું વિચારવામાં આવ્યું અને મારો જન્મ થયો. કુટુંબીજનોને થયું કે આ વખતે દીકરો જન્મ લેશે. પણ દીકરી આવી. ગુરુ નારાયણે કહ્યું, **'ગોપાલ નહીં આયા, ગોપાલી આઈ.' આમ, મારી નામકરણ વિધિ થઈ.** મારાં લગ્નમાં પૂજ્ય શ્રીમોટા આવ્યા હતા. મારો હસ્તમેળાપ એમના હાથે થયો હતો. વર્ષો વિતતાં ગયાં. મેં બે પુત્રોને જન્મ આપ્યો.

મારો નાનો દીકરો અચાનક માંદો થઈ ગયો, લોહીમાં શ્વેતકણના વધારાને લીધે લોહી જાડું થઈ ગયું. શરીરમાં ભ્રમણ થવાનું ઓછું થઈ ગયું. લોહીના ગઠ્ઠા લીવર અને કિડ્‌ની પર જામી ગયા. અમે એને મુંબઈની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કર્યો પણ સાડાચાર મહિનાની માંદગી બાદ એનું મૃત્યુ થયું.

માંદગી દરમિયાન એને રાતના ઊંઘ નહિ આવે. ત્યારે હું રાતના એનો હાથ પકડી માથા પર હાથ ફેરવું અને મારા ગુરુના નામની ધૂન કરું, ભજન ગાવું. શરૂઆતની દસ મિનિટ જેટલું સાંભળે પછી કહે મમ્મી બસ હવે, પણ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ એણે સામેથી મને કહેવાનું શરૂ કર્યું કે મમ્મી નારાયણ, પાંડુરંગ ગાને.

બચપણથી કોઈ દિવસ તે મંદિર ગયો નથી કે પૂજા કરી નથી, પણ મને આખો દિવસ ભજન ગાવાની ટેવ છે એટલે એણે ભજન ખૂબ સાંભળ્યા. એના જીવનમાં માંદગી દરમિયાન પલટો આવ્યો.

મૃત્યુ પહેલાં ચાર દિવસથી જે મળવા આવે તેમને 'જય નારાયણ' કહે. મને કહે મમ્મી નારાયણ મને લેવા આવ્યા છે. મને ખાટલા સાથે ઉપર લઈ જાય છે. અમારા ફ્રેન્ડ મળવા આવ્યા, તેમને કહે 'આવો નારાયણ'. મેં એને કહ્યું આતો દેવેન્દ્રકાકા છે તો કહેવા લાગ્યો એમનામાં પણ નારાયણ છે અને આપણા બધાંમાં નારાયણ છે.

જીવનના છેલ્લા બે દિવસ પહેલાં પૂરી સભાનઅવસ્થા, પણ બોલવાનું બંધ કરી દીધું. બપોરના સમયે અમે બન્ને એકલાં હતાં ત્યારે બે વાર મમ્મી, મમ્મી કહી મને બોલાવી. એના બે હાથ વડે મારા હાથ પકડી જયનારાયણ કહ્યું.

રાતના તબિયત વધારે બગડવાથી હું એની પાસે બેસી ગજેન્દ્ર મોક્ષનું ભજન, 'હે ગોવિંદ હે ગોપાલ' ગાવા લાગી. ગીતાનો ૧૨મો,

૧૫મો અધ્યાય, નારાયણની ધૂન સંભળાવતી હતી. રાતના બે વાગ્યે મેં એને મૃત્યુ માટે તૈયાર કર્યો. મેં એના માથા પર હાથ ફેરવી કહ્યું, **'ચિકુ હું તને મારી માયામાંથી મુક્ત કરું છું. તું પણ મને મુક્ત કરી દે. મેં તને નારાયણને સોંપ્યો છે, એ હવે તારા પથદર્શક બનશે. માટે તારી યાત્રા તરફ પ્રયાણ કર.'** બીજે દિવસે બપોરના બાર વાગ્યે ખૂબ જ શાંતિથી છેલ્લો શ્વાસ લીધો.

દસ દિવસ બાદ રાતના મને સ્વપ્ન આવ્યું. અમારા ઘરે નારાયણ સ્વામી આવતા ત્યારે ભજન થતા. તે પ્રમાણે ભજન થઈ રહ્યા છે. મારી ઉંમર દસ વર્ષની. મારાં માતાપિતા, ભક્તગણ ૪૫,૫૦ વર્ષના. ભજનના અંતમાં સંત તુકારામનું 'હેચી દાન દેગા દેવા' શરૂ થયું. અમારી ભજન મંડળીમાં શ્રી ગદ્દુદાદા મૃદંગ વગાડી અભંગ ગાય તેમની બાજુમાં મારો દીકરો ચિકુ સફેદ કફની લેંઘો પહેરીને આંખ બંધ કરીને બેઠેલો. બધાં ભજનનાં સ્વજનો મૃત મારા સિવાય. આ પ્રસંગે મને પ્રતીતિ કરાવી કે મારા ગુરુએ એનો સ્વીકાર કર્યો છે. આ વાતે મારું દુ:ખ હળવું કર્યું. મેં મારી ફ્રેન્ડને ફોન કર્યો. એણે મને કહ્યું તારે આનાથી મોટો કયો પુરાવો જોઈએ છે. મારા મોટા દીકરાએ મને કહ્યું કે આ તને સ્વપ્ન નથી આવ્યું પણ તું સદેહે એને જઈને જોઈ આવી છે.

**મૃત્યુની તૈયારી કરવા આપણે આપણા સ્વજનને મદદ કરી શકીએ છીએ** તે હું શ્રી *રાજનભાઈ વકીલ, માધવપુર ઘેડવાળા પાસેથી શીખી છું. જેની મદદથી મેં મારા પિતાજી શ્રી હરિભાઈ રાયજી દેસાઈ તેમ જ મારાં સસરાશ્રી દયાળજી જીવણજી જોશીને આ દુનિયામાંથી પરલોક ખૂબ સ્વસ્થતાથી મોકલ્યા છે.

સમય સાથે મૈત્રી કરી હું શાંતિથી મારા દીકરાની યાદમાં મારી બાકીની જિંદગી પૂરી કરવાનો પ્રયત્ન કરું છું. 'એકલા રહીને બેલી થાઉં રે બધાંના, સાથી બિના સંગી વિના એકલા જવાના.' 'હરિ બિન તેરો મેરે મનવા અપના કોઈ નહીં, કબીરજીની વાણીના સત્સંગમાં રહું છું.' ❑

* શ્રીતાવરીયાજી ગ્રુપના શ્રી

### પૂ.શ્રીમોટાને

ડૉ. સુધીર ચી. મોદી

પૂ.શ્રીમોટા ! આવ્યો મૌનમંદિરે,
મનમાં અનેરી શ્રદ્ધા લઈને.
નામસ્મરણ જપવા મન ભરીને,
રટણ હરિ:ૐનું હૃદયથી કરવાને.

સંસારની કંઈક ગૂંચો મથાવે,
રાગદ્વેષ રોજ મનને સતાવે.
કામક્રોધ વળી કંઈક આવે,
દુ:ખશોક મને રોજ સંતાપે.

આ સર્વથી આપ મને છોડાવો,
મધુરો શાંતિકેરો રસ વહાવો.
ભાવ અને ભક્તિ હૃદયે બઢાવો,
તમન્ના હરિની મુજમાં જગાવો.

સાંનિધ્ય આપનું સદાયે આપજો,
સ્નેહધરી જીવનવહેણ બદલજો.
કૃપા દૃષ્ટિ મુજ પર વહાવો,
પ્રસન્નતાથી હરિ:ૐ સદા બોલાવો.

## (૧૪) આ કાળ દુઃસમ છે

વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેંદ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. અનંત જન્મમરણ કરી ચૂકેલા આ આત્માની કરુણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે અને તે જ કર્મમુક્તિ થવાનો જિજ્ઞાસુ કહી શકાય છે. જે આત્મા મુક્ત થયા છે તે કંઈ સ્વચ્છંદ વર્તનથી મુક્ત થયા નથી, પણ આપ્ત પુરુષે બોધેલા માર્ગના પ્રબળ અવલંબનથી મુક્ત થયા છે.

અનાદિકાળના મહાશત્રુરૂપ રાગ, દ્વેષ અને મોહના બંધનમાં તે પોતા સંબંધી વિચાર કરી શક્યો નથી. મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમ કુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષિત સાધન છે અને મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ માત્ર અંતરંગ સાધન છે.

**આ કાળ દુઃસમ નામથી પ્રખ્યાત છે.** દુઃસમ કાળ એટલે જે કાળમાં મનુષ્યો મહાદુઃખ વડે આયુષ્ય પૂર્ણ કરતાં હોય. ઉપરાંત, ધર્મ આરાધનારૂપ પદાર્થો પ્રાપ્ત કરવામાં દુઃસમતા એટલે મહાવિઘ્નો આવતાં હોય તેને દુઃસમ કાળ કહેવામાં આવે છે. અત્યારે વીતરાગ દેવને નામે જૈન દર્શનમાં બધા મત ચાલે છે. ઘણાં મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે :- પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય, પરસ્પર બે આચાર્યોને વાદવિવાદ, મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું, મતિની ન્યૂનતા, દુઃસમ કાળ અને શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું વગેરે મુખ્ય છે.

આટલા બધા મતો સંબંધી સમાધાન થઈ વીતરાગની આજ્ઞારૂપે માર્ગ પ્રવર્તે એમ થાય તો મહાકલ્યાણ થઈ જાય, પણ તેવો સંભવ ઓછો છે. દુઃસમ કાળના પ્રતાપે જે લોકો વિદ્યાનો બોધ લઈ શક્યા છે, તેમને ધર્મતત્ત્વ ઉપર મૂળથી શ્રદ્ધા જણાતી નથી. જેને કંઈ સરળતાને લીધે હોય છે તેને તે વિષયની કંઈ ગતાગમ જણાતી નથી. ગતાગમવાળો કોઈ નીકળે તો તે વસ્તુની વૃદ્ધિમાં વિઘ્ન કરનારા નીકળે, પણ સહાયક ન થાય. એવી આજની કાળચર્યા છે. એમ કેળવણી પામેલાને ધર્મની દુર્લભતા થઈ પડી છે.

કેળવણી વગરના લોકોમાં સ્વાભાવિક એક આ ગુણ રહ્યો છે કે આપણા બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે તે ધર્મમાં જ આપણે પ્રવર્તવું જોઈએ, તે જ મત સત્ય હોવો જોઈએ, તેમ જ આપણા ગુરુના વચન ઉપર જ વિશ્વાસ રાખવો જોઈએ પછી ભલેને તે ગુરુ, શાસ્ત્રના નામ પણ જાણતા ન હોય, પણ તે જ મહાજ્ઞાની છે એમ માની પ્રવર્તવું. એનો પણ અપેક્ષાથી જોતાં દોષ નથી. જે જે મત જૈનમાં પડેલા છે તેમાં જૈન સંબંધી જ ઘણે ભાગે ક્રિયાઓ હોય એ માન્ય વાત છે.

સંશોધક પુરુષો બહુ ઓછા છે. મુક્ત થવાની અંતઃકરણે જિજ્ઞાસા રાખનારા અને પુરુષાર્થ કરનારા બહુ ઓછા છે. તેમને સાહિત્યો જેવાં કે સદ્ગુરુ સત્સંગ કે સત્શાસ્ત્રો મળવાં દુર્લભ છે. જ્યાં પૂછવા જાઓ ત્યાં સર્વ પોત પોતાની ગાય છે પછી તે સાચી કે જૂઠી તેનો કોઈ ભાવ પૂછતું નથી. ભાવ પૂછનાર આગળ મિથ્યા વિકલ્પો કરી પોતાની સંસારસ્થિતિ વધારે છે અને બીજાને તેવું નિમિત્ત કરે છે. એ સઘળા મતોમાં કેટલાકને તો સહજ સહજ વિવાદ છે. મુખ્ય વિવાદ : એકનું કહેવું પ્રતિમાની સિદ્ધિ માટે છે. બીજા તેને કેવળ ઉત્થાપે છે. (એ મુખ્ય વિવાદ છે.)

'શ્રીમદ્ રાજચંદ્ર-૧' આઠમી આ., પૃ. ૧૭૧ ❑

# (૧૫) પ્રસન્નતા

મણિલાલ ન. દ્વિવેદી

ઘણા માણસનો સ્વભાવ જ એવો હોય છે કે તે કોઈ પણ મંડળીમાં આવી મળે કે તે મંડળીને આનંદમય કરી નાખે. તે ત્યાં ન હોય ત્યારે તેમની ખોટ સર્વને લાગે.

પ્રસન્નતા એટલે આપણી જે સ્થિતિ હોય તેનાથી સંતોષ પામી સુખી થવાની વૃત્તિ. જે સર્વ સ્થળે અને સર્વ સમયે સંતોષથી રહે છે તે નિત્ય પ્રસન્ન જ રહે છે. આવું એની મેળે થઈ શકતું નથી, ધૈર્ય, શાંતિ આદિ શુભ ગુણોના બળથી જ તે થાય છે.

આ જગતમાં આપણને જે પ્રાપ્ત થાય છે તે આપણી ઈચ્છા પ્રમાણે જ થતું નથી. એટલે શ્રમ કર્યે જવો, પણ જે ફળ થાય તેથી નિરંતર સંતોષ રાખી પ્રસન્ન રહેવું. આપણા જીવનને સુખવાળું કરવું કે દુઃખવાળું એ જેટલું આપણા પોતાના ઉપર આધાર રાખે છે, એટલું બીજાના ઉપર નથી રાખતું. ફલાણું હલકું છે, અમુક મને ગમતું નથી, એમ આપણી પોતાની સ્થિતિ વિશે જ્યારે બડબડાટ કર્યા કરીએ છીએ ત્યારે આપણને કદી નિરાંત વળતી નથી અને સુખે રોટલો આપણાથી ખવાતો નથી. જેટલું અને જેવું જોઈએ તેવું જગતમાં મોટા રાજાને પણ મળેલું નથી, તો આપણે એવી વિના કારણ પીડા શા માટે વહોરવી ?

દુઃખને સમયે હરબડી જતાં પહેલાં (આપણાથી) વધારે દુઃખી લોકેએ જે ધીરજ રાખી હોય તે સંભારવી અને સુખની વખતે ફુલાઈ જતાં પહેલાં, સુખી છતાં દુઃખી થયેલાંને સ્મરણમાં લાવવા. એમ સંતોષ ઉપર મનને ચોંટાડવું. એમ થવાથી અંતઃકરણ સર્વદા પ્રસન્ન રહેશે, સર્વત્ર પ્રસન્નતા જ દેખાશે અને બધે પ્રસન્નતા પેદા કરવાનું કારણ થઈ શકશે.

પ્રસન્નતાનો એટલો બધો ચમત્કાર છે કે તેનાથી ઘણા રોગ થતા અટકે છે કે થયા હોય તે ઓછા થાય છે. અપ્રસન્ન માણસ મનમાં દુઃખી રહે છે એટલું જ નહિ, તેનું શરીર પણ નઠારું થઈ જાય છે. વળી, જે માણસ બહુ અસંતોષી અને અપ્રસન્ન છે તેનામાં ઈર્ષ્યા અને લોભ એવા દુર્ગુણો પ્રવેશ કરે છે. જે લોક પોતાના કરતાં પ્રસન્ન અને સુખી હશે તેની તેને ઈર્ષ્યા થશે, અને ગમે તે રીતે પણ પ્રાપ્તિ કરવાની ઈચ્છા થવારૂપી તેને લોભ પેદા થશે. ઈર્ષ્યા અને લોભથી માણસો જે કુકર્મ કરે છે અને જે દુઃખ જાતે વેઠે છે તેના દૃષ્ટાંત આપણે નિત્ય દેખીએ છીએ. એક કુકર્મ બીજા દસ કુકર્મ કરાવે છે, કેમ કે તે વિના પ્રથમનું કુકર્મ ઢંકાતું નથી. અપ્રસન્નતાની ટેવમાંથી અનેક અનર્થ ઊપજે છે, માટે સર્વદા પ્રસન્ન રહેવાનો જ પ્રયત્ન કરવો.

કોઈ કોઈ માણસોની પ્રકૃતિ એવી હોય છે કે તે બોલતાં પણ વઢી પડે છે, સહજમાં માઠું લગાડી બેસે છે, અને એમ કોઈ રીતે નિરાંત વાળી બેસતાં નથી. એનાથી આપણને કે કોઈને કશો લાભ નથી. કેટલાંકને તો એવી ટેવ હોય છે કે તે એક સામાન્ય વિનંતી પણ પ્રસન્નતાથી કરી શકતાં નથી. આજ્ઞા કરવાને જ જાણે અવતર્યા હોય, સામા માણસના મન દુભાવવાનો જ તેમનો ધંધો હોય, બીજાની દરકાર ન કરવી એ જ તેમનો હક હોય, તેમ તેવા માણસ નિરંતર વર્તે છે. તેમને જે કાંઈ ને કાંઈ ખામી જણાય છે તેવા માણસ નિરંતર અપ્રસન્ન રહે છે અને જ્યાં જાય ત્યાં ક્લેશ પેદા કરવાનું કારણ થઈ પડે છે. ઘરમાં છૈયાંછોકરાં જાણે કોઈ વાઘ આગળ ઊભાં હોય તેમ તેના આગળ ફરે છે, બહાર લોકમાત્ર તેનાથી દૂર ચાલ્યા જાય છે. એ બધાંનું કારણ શું ? માત્ર અપ્રસન્નતા. (ક્રમશઃ...)

## (૧૬) આત્માર્થીને વિચાર સાથે વર્તન હોય છે.

શ્રી જેસીંગ બાપા

સંત રોહીદાસ પાસે એક શેઠ ગયા હતા. રોહીદાસ તો જ્ઞાની હતા. એટલે ભાવાવસ્થામાં (ચમાર) કુંડમાંથી પાણી લઈ શેઠને કહ્યું કે લો આ ગંગાજળ પી જાવ, પણ શેઠે એ પાણી પોતાની બાંયમાં વહેવડાવી દીધું.

શેઠની દાસીએ બાંયમાં પડેલો ડાઘ ચૂસ્યો તો તેને જ્ઞાનપ્રાપ્તિ થતાં બધી સૂઝ પડવા માંડી. શેઠને આની ખબર પડવાથી પોતે પસ્તાવા લાગ્યા. ફરીથી એ તો રોહીદાસ પાસે ગયા અને કૃપાયાચના કરવા લાગ્યા. સંતો દયાળુ, કૃપાળુ હોય છે. સંત રોહીદાસે શેઠને એક અણીદાર ભાલો આપ્યો અને કહ્યું કે આ ભાલાને વડલાની નીચે રોપજો અને વડલા ઉપર ચડીને તમો તેના ઉપર પડશો તો તમારો મોક્ષ થઈ જશે.

શેઠે એક વડલા નીચે એ ભાલાને રોપ્યો તો ખરો, પણ પછી વિચાર આવ્યો કે વડલા ઉપરથી આ ભાલા ઉપર હું પડીશ તો મરી જ જઈશ. આવી મનની અનિશ્ચિતતાથી વડ ઉપર ચડે તો ખરા, પણ પાછા નીચે ઊતરી જાય. ફરી પાછા મન મનાવીને ચડે. આમ, ચડઊતર કરતાં કરતાં વિચારોનાં વમળમાં અટવાયા કરે. એટલામાં એક ઘોડેસવાર ત્યાંથી પસાર થતો હતો. તેણે આ શેઠને પૂછ્યું કે તમે આ શું કરો છો ? શેઠે બધી વાત કરીને કહ્યું કે આ રોહીદાસે બતાવ્યું છે. હવે, આ ઘોડેસવારને રોહીદાસનાં વચન ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. એટલે તેણે ફરીથી શેઠને પૂછ્યું કે ખરેખર કહો તમને કોણે શું કહ્યું છે ? એટલે શેઠે ફરીથી ઉપરની બધી વાત કરી. ઘોડેસવાર કહે કે હું આ મારો ઘોડો અને તેના ઉપર જે કાંઈ માલસરસામાન છે તે બધું તમોને આપું તો મને ભાલા ઉપર પડવા દેશો ? શેઠે તો હા કહી. એટલે તુરત જ તે ઉપર ચડ્યો અને પડતાંની સાથે જ તેને કેવલ જ્ઞાન થયું. ત્યાં ભાલો એ શું ? અને બીજું એ શું ? આમ, નિશ્ચય અને શ્રદ્ધાભાવથી કાર્ય થાય છે. મનમાં નિશ્ચય કે શ્રદ્ધા ન હોય તો શેઠના જેવું થાય છે.

**આત્માર્થીને વિચાર સાથે વર્તન હોય છે.** વહેવાર કરતાં પણ વિચાર, બોલતાં પણ વિચાર. દરેક કાર્ય તેનું મૂળ વાતના વિચાર વગર હોય જ નહિ. આ શરીર એકલા મિથ્યાત્વનું ભરેલું છે. એના રોમે રોમે પેલા સર્વઅર્પણતાના ભાવ આવે તો પેલું મિથ્યાત્વ દબાય, લક્ષ ના હોય, સાધન ના હોય, નિશ્ચય થયો ના હોય તો ના જવાય, ના પમાય. આ સત્સંગ સમાગમ પછી પણ ભાવ ના આવે તેનાં આ કારણો છે. એ થઈ શકે તેમ ના હોય તો સંતપુરુષો કહે જ નહિ ! આપણાથી થાય એમ ના હોય તો શાસ્ત્રોમાં લખી છે તે વાત લખાત જ નહિ. એટલે નિશ્ચય થાય, ભીતરથી ભાવ થાય તો આ બધું થઈ શકે એમ છે. નિશ્ચયની મંદતાએ ઇંદ્રિયોના ભાવોમાં શક્તિ વહેંચાઈ જાય છે. નિશ્ચયબળની ખોટ છે. ભગવાન સિવાય કંઈ છે જ નહિ એમ નક્કી થાય તો પછી બીજા માર્ગે જવાય જ નહિ.

'અમૃતસાગર ઝરણ-૧', પ્ર. આ., પૃ. ૩૮૪ ❑

## (૧૭) સંસારી લોક દુઃખ બેવડાવે છે

શ્રીમોટા

સંસારમાં આપણને જે કોઈ મુશ્કેલીઓ આવે તે ક્ષતિઓને લીધે આવે અને વધે છે, પણ જે મુશ્કેલી આવે છે તે તો જીવનનો જ એક ભાગ છે. જીવનમાં સુખદુઃખ શરીરના જીવનની સાથે સંકળાયેલું છે, તે રીતે જો જીવનને આપણે સ્વીકારી લઈએ તો આ પણ આપણે સ્વીકારી લેવું પડે. આપણા એ જાતના સંસ્કારો છે ખરા. મુશ્કેલી આવે તો કેવી રીતે તેનો સ્વીકાર કરવો અને કેવી રીતે તે વખતે આપણે વર્તમાન સ્થિતિમાં રહેવું વર્તવું એ આપણા હાથની વાત છે. એટલે મુશ્કેલી આવે તો એનો ઉપાય કરીને એને નિવારવાનો પ્રયત્ન કરીએ અને જો એને ન નિવારી શકાય તો પછી આપણે જેટલું પ્રેમથી એ ગાળામાં રહી શકાય તેટલું રહેવું અને એ મુશ્કેલીનાં આવરણોથી આવરાઈ ના જવું. આપણે એ માટે સાબદા રહીએ. એમ થઈ શકે તેમ છે. જીવનમાં મુશ્કેલી આવે જ નહિ એ કદી કાળે નહિ બને, મુશ્કેલી આવવાની તો ખરી જ.

**આ શરીર આજે છે, પહેલાં હતું અને હવે પછી પણ એ હશે** ત્યારે પહેલાં એ જે શરીર હતું ત્યારે એવા પ્રકારના જે સંસ્કારો પડેલા તે ઉદય વર્તમાન થાય ત્યારે મુશ્કેલી આવે. ખરી રીતે જોતાં તે જીવનનો એક ભાગ છે. its a part of game 'સુખદુઃખ ઘટ સાથે રે ઘડિયાં.' નરસિંહ મહેતાએ ગાયું છે કે 'ટાળ્યાં તો કોઈનાં નવ ટળે.' તેવી રીતે મુશ્કેલી, દુઃખ, ગૂંચ, પ્રશ્નો, કોયડાઓ આ બધું જ આપણા જીવનની સાથે સંકળાયેલું જ છે. માત્ર સંસારી માણસોને જ આવું થાય છે એવું કાંઈ નથી. અનુભવી અને જ્ઞાની માણસને મુશ્કેલી અને આવું બધું જ આવે છે, પરંતુ એને મુશ્કેલી આવે છે ત્યારે એ લોકો મુશ્કેલીને મુશ્કેલી તરીકે ગણતા નથી. મુશ્કેલીઓનો જુદી રીતે સ્વીકાર કરે છે. તે વખતે પોતાના જ આંતરિક ભાવને તેઓ ઘણો વધારી દે પછી મુશ્કેલી તેઓને મુશ્કેલી તરીકે રહેતી નથી. એ લોકો એમ સમજે છે કે મારે અને મારા ભગવાન વચ્ચે આ જે મારો ભાવ છે એ ભાવનું કમીપણું છે. એટલે ભાવને બઢાવવા માટે એને સતેજ કરવાને માટે, દીવાની વાટને જેમ સંકોરીએ તેવી રીતે એ વાટને સંકોરવા માટે આ એક તક છે એ રીતે તેનો સ્વીકાર કરે છે. જ્યારે સંસારી માણસ હોય તે હાયવોયથી કંટાળીને ત્રાસીને સ્વીકારે છે અને તે કારણે એ વધે છે અને **પરિણામે દુઃખને એ લોક બેવડાવે છે.**

દુઃખ કે મુશ્કેલીઓનો જેટલો ઉમળકાથી સ્વીકાર થાય અને મુશ્કેલીને નિવારવા માટેના જે ઉપાયો હોય તે બુદ્ધિપૂર્વક યોજાય અથવા તો લેવાય ત્યારે વિશેષ ને વિશેષ આનંદમાં રહી શકાય. એવી રીતે, પ્રકૃતિના જીવનમાં જીવદશામાં પણ મુશ્કેલીનો સ્વીકાર કરાય તો એને મુશ્કેલી બહુ આપદારૂપ ના થઈ પડે, દુખદાયક ના થઈ પડે, પીડાકારક ના થઈ પડે. ઊલટું તે વખતે આત્મશક્તિ બઢાવવા માટેની તક છે એમ જાણવાથી તટસ્થતા જાળવી શકાય છે. એ શીખવાનો મોટામાં મોટો પદાર્થ પાઠ આપણને મળે છે.

આમ, વસ્તુ કે પરિસ્થિતિ આપણે કઈ રીતે સ્વીકારીએ છીએ તેની ઉપર બહુ મોટો આધાર છે. 'હશે જેવું આપણું કર્મ છે, જેવું આપણું નસીબ છે.' એમ વિચારવું એ બધા રસ્તા સાચા નથી. એ બધા ઊલટા નેગેટિવ છે. આપણે નમી પડ્યાંનાં કે આપણી કાયરતાનાં એ લક્ષણ છે.

'અન્વય-સમન્વય', પ્ર.આ., પૃ. ૨૮ ❑

**(અનુસંધાન પાન નં.૧૨ નું ચાલુ)**

શ્રીમોટાનો નડિયાદમાં આશ્રમ થયો ત્યારથી મોટાનો રૂબરૂ સત્સંગ કરવાની ભાવના જાગેલી. તેઓશ્રી અમદાવાદમાં જ્યાં હોય ત્યાં અચૂક અમે દર્શન કરવાનો અને યથાશક્તિ તેમનાં ચરણે ભેટ ધરવાનો ભાવ રાખેલો. મને યાદ છે કે મોટા માઉન્ટ આબુમાં હતા ત્યારે નરોડાના શ્રી ઉમેદકાકા અને તેમનાં ધર્મપત્ની કાંતાબા સાથે અમે આબુ પણ ગયાં હતાં અને શ્રીમોટાનો જે સ્થળે મુકામ હતો તેની સામે એક મકાન ભાડે રાખીને અમે રહ્યાં હતાં. ત્યાં પણ નિયમિત દર્શન-સત્સંગ અને ચરણે ભેટ ધરવાનો ભાવ ચાલુ રાખેલો.

મોટા સાથેના પ્રસંગો કે ઘટનાઓનો તો લખે પાર આવે એવો નથી. તેઓના દેહત્યાગ બાદ પણ તેમના પ્રત્યે કે તેઓએ ચીંધેલાં કામો પ્રત્યે દિનપ્રતિદિન ભાવ વધતો જ રહ્યો છે. હવે તો એક જ તમન્ના છે કે હવેના શેષ જીવનમાં મોટાએ જેના ઉપર ખાસ ભાર મૂકેલો છે તે નામસ્મરણ હરતાં-ફરતાં ચાલુ જ રાખવું. મોટાનું કોઈ પણ પુસ્તક વાંચવા લઉં એટલે જાણે કે ઉત્સાહ અને ભાવનો જબરજસ્ત ઉછાળો આવતો હોય એવો અનુભવ થાય છે.

આ બધી વાતો તો મારા એટલે કે અમૃતલાલના જીવન પૂરતી જ લખી છે. બાકી, મારા પરિવારના બધા સભ્યોની મોટાએ કાળજી લીધી છે અને તેમનામાં પણ જીવનમાં ભાવ જાગે એવી કૃપા તકો ઊભી કરેલી જ છે. આ અંગે તો ભવિષ્યમાં અમોથી કે પરિવારના જે તે સભ્યોથી જ્યારે લખાશે ત્યારે ખરું. અત્યારે તો આટલેથી અટકું છું, હરિઃૐ. ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ઇંદ્રવદન બી. લેખડિયા ચૅરિટેબલ ટ્રસ્ટ (જ્ઞાનદાન) | અમદાવાદ | ૧૫,૫૫૧/- |
| ૨. | પિતાશ્રી ગોરધનદાસ માધવદાસ (કેલિયાવાસણા)ની પુણ્યસ્મૃતિમાં હસ્તે શ્રીમતી સુભદ્રાબહેન અમૃતલાલ પટેલ | નરોડા | ૫,૦૦૧/- |
| ૩. | ગુણવંતભાઈ આઈ. દેસાઈ | સુરત | ૨,૭૫૦/- |
| ૪. | કુસુમબહેન છોટુભાઈ નાયક સદ્‌ગત જીવનસાથી શ્રી છોટુભાઈ ભીખાભાઈ નાયકની પુણ્યતિથિ (૨૪-૨-૧૬) નિમિત્તે | બારડોલી | ૨,૦૦૧/- |
| ૫. | સુધીરભાઈ મોહનભાઈ દલસાણીયા | સુરત | ૧,૭૫૧/- |
| ૬. | જ્યોતીન્દ્ર જે. મહેતા જન્મદિન પૌત્ર દેવર્ષ (૧-૪) પૌત્રી નિત્ય (૨૩-૪) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૨/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૮. | શ્રી ગિરીશભાઈ એમ. પટેલ સદ્‌ગત પિતાશ્રી મોતીભાઈ કોદરભાઈ પટેલની પુણ્યતિથિ (તા.૨૨-૩) નિમિત્તે | ગાંધીનગર | ૧,૦૦૦/- |
| ૯. | લતાબહેન જિતેન્દ્રભાઈ પાનવાલા | સુરત | ૫૦૧/- |
| ૧૦. | રેખાબહેન એમ. પટેલ | સુરત | ૫૦૦/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક



વીસ વર્ષની વયે ઝબકબહેન સાથે લગ્ન સમયે ફેરા ફરતાં શ્રીમદ્ રાજચંદ્રએ કહેલ કે અમારો આ છેલ્લો ફેરો છે. વર્ષો પછી માતુશ્રી દેવબાને તેઓશ્રીએ કહેલ કે સંસારી જીવો એક દિવસમાં જેટલી લગ્ન-કુટુંબની મોહાશક્તિ રાખે છે તેનાથી પણ ઓછી પોતાની આખી જિંદગીમાં રહેલ હતી.

'દિવ્ય ધ્વની', ફેબ્રુઆરી, ૨૦૧૭, પૃ. ૩૭
લેખક : મહેન્દ્ર કે. ખંધાર

**HARIBHAV, APRIL - 2017**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



સમાજ આજે ગરીબની ગરદન ઉપર ચઢી બેઠો છે. આવતી કાલે તે સમાજની ગરદન ઉપર ચઢી બેસવાનો છે.
સમાજ એને લૂંટી લૂંટીને આજ લગી નભ્યો છે, તો આવતી કાલે તે સમાજને લૂંટીને નભવાનો છે. આવી અનંતકાળની રમત છે.

-શ્રીમોટા

'જીવન પોકાર', પ્ર. આ., પૃ. ૨૧૦

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com